RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

# માસિક પત્રિકા

Issue: 8, Year: 68, November, 2021, Pages: 52, Price Rs. 7.00





આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

સિલ્ક સાડીઓ માટેનું શ્રેષ્ઠ નામ...

- રાજકોટી પટોળા
- બંધેજ
- સિલ્કની સાડીઓ
- ડ્રેસ મટીરીયલ્સ
- કુર્તી



મંગલમ

બિમલ શાંતિલાલ શાહ

જવાહર ચોક, સ્વામિનારાયણ મંદિર સામે, સુરેન્દ્રનગર.
ફોનઃ ૨૨૨૩૯૨ મો. ૯૪૨૭૦ ૬૬૬૭૩, ૯૦૩૩૦ ૮૧૮૦૯

Advt.

# સશક્ત, સમૃધ્ધ ઝાલાવાડી સ્થા. જૈન સભાની વિકાસગાથા



















# શૈક્ષણિક ઉત્કર્ષ યોજના

**SHRI KANUBHAI GAMBHIRCHAND OOMEDCHAND SHAH INTERNATIONAL EDUCATION LOAN SCHEME**

**C. U. SHAH HIGHER EDUCATION LOAN SCHEME**

**MATUSHREE KANTABEN SHANTILAL MOHANLAL SHETH HIGHER EDUCATION LOAN SCHEME**

**GAMBHIRCHAND OOMEDCHAND SHAH ENGINEERING / MEDICAL EDUCATION LOAN SCHEME**

**રૂા. ૫૦ લાખ** નું અનુદાન (૧૦ લાખ X પાંચ વર્ષ) આપીને આપ **STAR DONOR** બની શકો છો.

**રૂા. ૨૫ લાખ** નું અનુદાન (૫ લાખ X પાંચ વર્ષ) આપીને આપ **PLATINUM DONOR** બની શકો છો.

**રૂા. ૧૧ લાખ** નું અનુદાન (૨.૨૦ લાખ X પાંચ વર્ષ) આપીને આપ **DIAMOND DONOR** બની શકો છો.

**રૂા. ૫ લાખ** નું અનુદાન (૧ લાખ X પાંચ વર્ષ) આપીને આપ **GOLDEN DONOR** બની શકો છો.

**રૂા. ૩ લાખ** નું અનુદાન (૧ લાખ X ત્રણ વર્ષ) આપીને આપ **SILVER DONOR** બની શકો છો.

## માસિક પત્રિકાના તંત્રીઓ

| | | |
|---|---|---|
| ૧ | શ્રી ખીમચંદ મગનલાલ વોરા | ૧૯૫૫ થી ૧૯૭૬ |
| ૨ | શ્રી કેશવલાલ મગનલાલ શાહ | ૧૯૫૫ થી ૧૯૮૦ |
| ૩ | શ્રી રમણલાલ વીરચંદ શેઠ | ૧૯૭૬ થી ૧૯૯૯ |
| ૪ | શ્રી કાંતિલાલ હરિલાલ વકીલ | ૧૯૭૭ થી ૧૯૯૯ |
| ૫ | સુશ્રી સંધ્યાબેન બિપિનભાઈ શાહ | ૧૯૯૭ થી..... |

સંસ્થાને આપેલા દાન ૮૦-જી અન્વયે કરમુક્ત છે.

આપનુ અનુદાન
ZALAWADI SABHA CHARITABLE FOUNDATION
ના નામે મોકલવા વિનંતી.

✻BANK DETAILS✻
BANK OF INDIA, BRANCH : KALBADEVI,
A/c : 002410100055214, IFSC CODE : BKID0000024
GSTIN NO. : 27AAATZ0001G2ZW



| | |
|---|---|
| NAME | : DR. KAVISHA GIRISH DESAI |
| DATE OF BIRTH | : 3RD NOVEMBER 1993 |
| PLACE OF BIRTH | : SURENDRANAGAR |
| NATIVE PLACE | : MORVI |
| RELIGION | : DASHA SHRIMALI STHANAKWASI JAIN |
| HEIGHT | : 5'4" |
| EDUCATION | : 10th – ICSE – SMT. SULOCHANADEVI SINGHANIA SCHOOL (THANE)<br>: B.D.S (PRAVARA INSTITUTE OF MEDICAL SCIENCES, LONI)<br>: M.D.S - CONSERVATIVE DENTISTRY & ENDODONTICS (PRAVARA INSTITUTE OF MEDICAL SCIENCES, LONI) |
| HOBBIES | : READING, TRAVELLING, PAINTING |
| PERMANENT RESI. ADD. | : 403, "A" WING SUSHILA BLDG, TAMBE NAGAR, MULUND ( W), MUMBAI 400 080. |
| PRESENT RESI. ADD. | : 54, DAHLIA, NECO GARDEN, VIMAN NAGAR, PUNE 411 014. |
| EMAIL ID | : kavisha.desai@yahoo.com |
| FATHER'S NAME | : MR. GIRISH BHAGWANJI DESAI ( B.E –MECHANICAL,DBM,GDMM) - 9765556087 |
| OCCUPATION | : RETIRED (MAY 2021) |
| MOTHER'S NAME | : MRS. SONAL GIRISH DESAI ( B.E. –CIVIL) - 9764443379 |
| OCCUPATION | : HOME MAKER |
| GRAND FATHER'S NAME | : LATE SHRI BHAGWANJI VIKAMCHAND DESAI |
| GRAND MOTHER'S NAME | : LATE SMT PRAMILA BHAGWANJI DESAI |
| SIBLINGS | : NIL |
| PATERNAL UNCLE | : MR. SHAILESH BHAGWANJI DESAI- MULUND – MUMBAI<br>: MR. NARESH BHAGWANJI DESAI- MULUND – MUMBAI - 9867925099 |
| MOSAL | : LATE SHRI SURENDRA AMRITLAL SHAH<br>: LATE SMT INDIRA SURENDRA SHAH<br>: MR SANJAY SURENDRA SHAH- DAHISAR – MUMBAI - 9833245331<br>: MR RAJIV SURENDRA SHAH- DAHISAR – MUMBAI |

Advt.

## BIO DATA



**COMING FOR SHORT TIME IN DECEMBER, 2021**

**PREFERENCE: NRI CANDIDATE**

| | | |
|---|---|---|
| **Name** | : | **DARSHIT MANISH VORA** |
| **Date of Birth** | : | 14.04.1991 |
| **Birth Time** | : | 05:45 A.M. |
| **Birth Place** | : | Ghatkopar, Mumbai |
| **Native Place** | : | Gautamgadh, Taluka: Muli, Dist.: Surendranagar |
| **Height** | : | 5'-9" |
| **Cast** | : | Zalawadi Dashashrimali Sthanakvasi Jain |
| **Qualification** | : | M. S. In Business Analytics (University of Minnesota) |
| **Profession** | : | Senior Data Scientist at Waymo,<br>San Jose, California, USA (Google Sibling Company), |
| **Hobbies** | : | Travelling, Walking, Music & Reading |
| **Residence** | : | A-3, 1104, Opal, Neelkanth Regent, Pantnagar,<br>Ghatkopar (East), Mumbai-400 075 |
| **Mobile No.** | : | +1 (612) 701-7913 |
| **Email id** | : | darshitmvora@gmail.com<br>Manishvvora65@gmail.com |

**FAMILY**

| | | |
|---|---|---|
| **Grand Parents (Paternal)** | : | Late Shri Vadilal Popatlal Vora<br>Late Smt. Ranjanben Vadilal Vora |
| **Father** | : | Shri Manish Vadilal Vora - Mobile No.: 70218 96134 |
| **Occupation** | : | Project Management (Real Estate) |
| **Mother** | : | Smt. Sejal Manish Vora - Mobile No.: 74981 17924<br>(Accupressure & Accupuncture Therapist) |
| **Younger Brother** | : | Harsh Manish Vora (Dy. Manager, AXIS Finance) |
| **Uncle** | : | Shri Kirit Vadilal Vora - Mobile No.: 93239 10521 |
| | : | Shri Sunil Vadilal Vora-Mobile No.: 92243 84234 |
| **Grand Parents (Maternal)** | : | Late Shri Manilal Shivlal Shah<br>Late Smt. Revantikaben Manilal Shah |

Advt.

**BIO-DATA**

# RUSHAB SHAH

BOSTON, USA



| | |
|---|---|
| DOB | : 8th April, 1993 |
| BIRTH TIME & DATE | : 06.50am (Mumbai) |
| NATIVE PLACE | : Dhangadhra |
| HEIGHT & WEIGHT | : 5.9", 72kg |
| CONTACT | : +1(724)640-9689 |
| HOBBIES | : Travelling, Photography, Music, Hiking & Tennis |
| ADDRESS | : MA-02315, BOSTON,USA |
| EMAIL ID | : rushabh.b.shah84@gmail.com |

## CULTURAL BACKGROUND

| | |
|---|---|
| RELIGION | : Gujarati Jain |
| CASTE | : Zalawadi Dasha Shrimali Sthanakvasi Jain |
| EDUCATION | : Post Graduation: Masters in Information System Management (Carnegie Mellon University, Pittsburgh, Pennsylvania USA)<br>Graduation : B.E. in Information System<br>(D. J. Sanghvi College of Engineering, Vile Parle, Mumbai) |

## WORK EXPERIENCE

| | |
|---|---|
| PROFESSION | : Software Engineer - Way Fair LLC<br>Boston M.A-02135 USA |
| VISA STATUS | **Work VISA - H1B** |

## FAMILY DETAILS

| | | |
|---|---|---|
| FATHER | : Bharat Champaklal Shah | 98210 44410 |
| OCCUPATION | : Clearing & Freight Forwarding | |
| MOTHER | : Alka Bharat Shah | 98206 09528 |
| RESIDENTIAL ADDRESS | : 12/B, Natraj Building, 60 feet Road,<br>Ghatkopar (East), Mumbai 400077. | |
| ELDER SISTER | : Niki Dhaval Mehtalia | 9820972190 |

## FAMILY BACKGROUND

| | | | |
|---|---|---|---|
| GRAND FATHER | : Late Shri Champaklal S. Shah | | |
| GRAND MOTHER | : Smt. Gunvanti Champaklal Shah | | |
| UNCLE | : Pradeep Champaklal Shah - | 9821041674 | Ghatkopar East, Mumbai |
| | Paresh Champaklal Shah | 9820124524 | Ghatkopar East, Mumbai |
| | Amit Champaklal Shah - (USA, LA) | | |

## MATERNAL FAMILY

| | | |
|---|---|---|
| NANA | : Shri Vinubhai G. Shah | |
| NANI | : Late Smt. Lataben Vinubhai Shah | |
| MAMA | : Jayesh V. Shah | 9324545455 |
| | Dipesh V. Shah | 9821821909 |
| | Ghatkopar East, Mumbai | |

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

નવેમ્બર ૨૦૨૧
વર્ષ : ૬૮ : : અંક : ૮
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ

: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ-૪૦૦ ૦૦૨.
મો. : ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com

મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ-૪૦૦૦૧૧. ફોન : ૦૨૨-૩૫૭૪૦૮૧૧

: ફક્ત પત્રિકાનું લવાજમ :
એક વર્ષના રૂપિયા ૪૦૦/- + 5%
ત્રણ વર્ષના રૂપિયા ૧૦૦૦/- + 5%
છૂટક નકલ રૂા. ૭/-

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧-૦૦ થી સાંજના ૭-૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*



# દિવાળી

''લ્યો આવી ગઈ દિવાળી, દર વર્ષ આવે તેમ
આ વખતે તો સ્વયં પ્રગટીએ, ચલો દીવાની જેમ
ઉદાસીઓના ફટાકડાઓ
ઝટપટ ફોડી દઈને,
ચહેરા ઉપર ફૂલઝડી સમ
ઝરતું સ્મિત લઈને;
કંઈ પણ કારણ વિના જ કરીએ એકમેકને પ્રેમ...
આ વખતે તો સ્વયં પ્રગટીએ ચલો દીવાની જેમ
સૌની ભીતર પડ્યો હોય છે
એક ચમકતો હીરો
ચાલો શોધીએ ભીતર જઈને
ખુદની તેજ લકીરો
ભીતર ભર્યું જ છે અજવાળું ના ઝળહળીએ કેમ ?
આ વખતે તો સ્વયં પ્રગટીએ ચલો દીવાની જેમ''

# આપણી અભીપ્સા

ચંદ્રકાન્ત શેઠ

બેહદપણું બોજારૂપ બને છે. ભારેખમતા ભીંસનારી હોય છે. અતિરેકોનો આતંક હોય છે. અંતિમતાવાદ અંતરાયો પેદા કરે છે. આપણે જો આ બધામાં અટવાઈએ તો આપણી સહજતા અળપાઈ જાય, આપણી સ્વાભાવિકતા નંદવાય. આપણા જ્ઞાનતંતુઓમાં ગાંઠો પડી જાય અને આપણને જ રૂંધનારી દીવાલ બની જઈએ !

આપણને ભલે પાંખો નથી, પરંતુ ઊડવાનું આપણું સ્વપ્ન છે. આપણે કેવળ તેજ કે કેવળ અંધકાર જોઈને અટકવું નથી; આપણને તો તેજમાં અંધકાર ક્યાં છે અને અંધકારમાં તેજ કયાં છે તે જોઈ શકે એવી દૃષ્ટિલીલા અને સમજણ જોઈએ છે. આપણે તો કોઈ હવાની લહેરખી જરા-શી અડે તો ફૂલની જેમ ખીલીને મઘમઘવું છે. આકાશના તારાઓ સાથે આંખો મેળવીને – તારામૈત્રક સાધીને આકાશના તારાઓ સાથે આંખો મેળવીને – તારામૈત્રક સાધીને અલકમલકની ગુફતેગો કરવી છે. આપણે તો ડાળે ડાળે કલરવતાં પંખીઓ સાથે ગોષ્ઠિ કરવી છે. આપણને દંભના દરબાર અને પાખંડના પ્રસાદ નહીં જોઈએ. એ રીતે ભયની ભડક અને લાલચની લપટમાં ન અવાય. પ્રદૂષિત ન થવાય એ માટે આપણે સજાગ અને સક્રિય રહેવું છે. આપણે તો શાંત સરોવરની આભાથી આપણું ભીતર ઝળહળતું રહે એવું કંઈક કરવું છે. આપણને અશાન્તિ કે અજંપો ન ખપે. આપણને ઉતાવળ કે અધીરાઈ ન ફાવે. કાન ભરવા નથી કોલાહલે. ચિતને ક્ષુબ્ધ કરવું નથી અસંતોષથી. આપણે તો આપણી ચેતનાના તારને મેળવવો છે વિશ્વચેતનાના તાર સાથે. ઝૂમવું છે અનાહત સંગીતની સૂરધારામાં. આપણે તો રમતાં રહેવું છે આપણી આસપાસની દુનિયા સાથે. દરિયાને તીરે રેતીની ઓટલી બાંધી રમતાં રમતાં બાળકોની દુનિયાનો આનંદ જો આપણે આપણા પ્રત્યક્ષ જીવનમાં આણી અને માણી શકીએ. સત્યમ્, સુન્દરમ્ અને શિવમ્ સુધી પહોંચી શકીએ તો આપણે મનખાવતાર મહોત્સવ બનીને રહે. આપણા આ



સૃષ્ટિબાગમાં અમૂલ્ય ફૂલો તો થોકબંધ છે. એમને જોવાની આંખ જોઈએ, એમની સુવાસ માણવા માટે શ્વાસ જોઈએ અને એમનો મધુરસ આસ્વાદવા માટે આસક્તિ ને આવડત જોઈએ.

આપણો દરેક દિવસ ઉત્સવ બને એવો ઉછાળો (એવો ઉત્સ) અંતરમાં જોઈએ. માત્ર માણસના જ શા માટે, કુદરત સમસ્તના ચહેરા પર શુભ અને લાભ વાંચી શકાય એવી દૃષ્ટિ જોઈએ. એ માટે આપણે આપણી અંદરની જ્યોતિને સંકોરવી પડે. એ જ્યોતિના સાત્ત્વિક પ્રકાશમાં જ ઘણું ઘણું ઉદાત્ત અને ઉત્તમ જોઈ શકાય, માણી અને નાણી શકાય.

આપણે તો પંચતત્ત્વોનો પિંડ ધરાવનારા, પૃથ્વી, જળ, અગ્નિ (તેજ), વાયુ અને આકાશથી બંધાયેલો આપણો પિંડ. આપણે જ પંચાયતન પરમેશ્વરનું. આપણને આપણી અનંતયાત્રામાં – આપણી આંતરયાત્રામાં આ પંડમાં ઠરવાનો એક મહામૂલો મોકો મળ્યો છે. આપણે આપણી આંખો દેવના ભર્ગથી ચમકતી રાખીએ. આપણે આપણા શ્રવણપટલને સોહમ્‌ના સ્વરથી સ્પંદિત રાખીએ. આપણે આપણી રગેરગમાં મધુરાધિપતિના પ્રેમરસની છાલક અનુભવીએ. આપણા મૃણ્મય ઘટના અણુએ અણુમાં રમણરેતીનો સંચાર થતો રહે એવું કંઈક કરીએ.

ટૂંકમાં, આપણા આત્મસ્વરૂપ ને બ્રહ્મસ્વરૂપના લીલાભાવનો સાક્ષાત્કાર કરવા એકાગ્ર થઈએ.

આપણે હવે સૃષ્ટિબાગમાં ફૂલ ફૂલ પર ઊડતા પતંગિયા સમાન થવું છે. આપણે આપણી વાંસળીમાં હવા ભરી મધુમય સુરાવટ નિપજાવવી છે. આપણે આપણી અંદર અખિલ બ્રહ્માંડના ચહેરાને નિહાળવો છે. આપણે આપણાં તાળાં તોડીએ, આપણાં કમાડ ખોલીએ અને સમર્પિત ભાવે પરમ શક્તિના શ્રીમતી અને ઊર્જિત તત્ત્વપ્રવાહમાં અલગતાને ઓગાળી - શૂન્ય થઈને સભરતામાં અભિનવરૂપે આપણે આપણને પામીએ ! આપણી બધી અમાસો દિવાળી બને ને આપણી બધી દિવાળીઓ દેવદિવાળીઓ બને એ જ અભીપ્સા !

❖❖❖



વિશાળ વિશ્વ છું દીવાએ કહ્યું
ખુબસૂરત છું વાટે કહ્યું
ધબકતી જિંદગી છું જ્યોતે કહ્યું
દીવાને ભરતું લોહીપસીનો એક કરતું
મહેનતથી બળતું તેલ
બોલ્યું નહીં એક પણ શબ્દ...

# ખાનગી વાત

□ ધીરુબેન પટેલ

''કાર્તિક !''

પપ્પાનો બેસી ગયેલો અવાજ સાંભળીને હું ચોંક્યો. વનકેસરી જેવી ત્રાડ પાડવાને બદલે એ બે ફૂટ છેટે પણ માંડ સંભળાય એવા ધીમા અવાજે બોલતા હતા. મેં ચિંતાથી એમની સામે જોયું. પૂછ્યું, ''પપ્પા! મીઠાનું પાણી કરી લાવું ?''

''શા માટે ?''

''તમે કોગળા કરો. તમારો સાદ ખૂલી જશે.''

''બેવકૂફ ! મારો સાદ ખૂલેલો જ છે.''

''તો પછી આમ ગુસપુસ કેમ બોલો છો ?''

''મારે તને એક ખાનગી વાત કરવી છે.'' પપ્પા બોલ્યા અને હું ડોલ્યો. હાશ ! આટલાં વરસો પછી પપ્પાને મારી કિંમત સમજાઈ ! હું એક રહસ્યો જાળવી શકે એવો શાણો અને ગુણગંભીર માણસ છું એનું જ્ઞાન એમને થયું. મેં સામો એમના જેવો જ ગુસપુસ અવાજ કાઢીને કહ્યું, ''બોલો.''

''આમ બોલવાનું નથી ફાવતું.''

''તો પછી ?''

''ચાલ, આપણે બહાર જઈએ.''

અને આમ જિંદગીમાં બીજી વાર હું ને મારા પપ્પા એકસાથે ઘરની બહાર નીકળ્યા. પહેલી વાર એ મને બાળમંદિરમાં મૂકવા આવેલા, એવું એ કહે છે, મને તો ક્યાંથી યાદ હોય ?

સેકસરીઆ બિલ્ડિંગના બધા જ ભાડૂતો અમારી સામે તાજૂબીથી જોઈ રહ્યા. એકાદબે જણે તો પૂછ્યું પણ ખરું, ''કેમ શ્રીકાન્તભાઈ ! શું થયું ?''

''કામ છે. બહાર જાઉં છું.''

''પણ આ કાર્તિક જોડે ?''

''હા, તમને કંઈ વાંધો છે ?'' પપ્પા એમના મૂળ અવાજે બોલ્યા. સામેવાળાની બોલતી બંધ થઈ ગઈ.

આમ જુઓ તો પપ્પાની વાત કંઈ ખોટી નહોતી. એ એમના દીકરાને સાથે લઈને બહાર જાય એમાં કોઈએ શા માટે પ્રશ્નો ઉઠાવવા જોઈએ ? વળી પાછો દીકરો પણ શાણો, સમજુ, ઠરેલ... ટૂંકમાં હું !



જાપાનની મેગ્નેટિક ટ્રેઈનની જેમ મારાં પગલાં ધરતીથી અધ્ધર રહેતાં હતાં - વાહ ભાઈ, આ કંઈ જેવું તેવું માન કહેવાય ? પપ્પા જેવા પપ્પાએ એમની ખાનગી વાત કહેવા માટે મને પસંદ કર્યો હતો ! અને વાત કહેવાના છે તો પછી કદાચ સલાહ પણ માગે..... મારે એને માટે પણ તૈયાર રહેવું જોઈએ.

બુદ્ધિને થોડી દંડબેઠક કરાવીને મારે આ મામલા માટે સજ્જ કરવી જોઈએ. હું ચાલતાં ચાલતાં વિચારવા લાગ્યો પપ્પાને શી ખાનગી વાત કરવી હશે ? એમને પૈસાની તકલીફ હશે ? કોઈ બીમારી ? કોઈની દુશ્મનાવટ ? કે કંઈ સરકારી લફરું !

અમારું ઘરખર્ચ એટલે કાપકૂપનો સરવાળો - એમાં હવે ક્યાંય બીજી કાપકૂપ સમાવી શકાય એવું હતું નહીં - સિવાય કે કલબલને એને ઘેર મોકલાવી દઈએ. એમ કરવાથી અલ્પ બચત નહીં પણ મહાન બચત થાય એવું હતું કારણ કે જો કલબલ જાય તો પાછળ લતા પણ જાય જ, અને એક ઘરમાંથી બે છોકરીઓ ઓછી થાય તો કેટલી મોટી રાહત થઈ જાય એ તો જેને અનુભવ હોય તે જ જાણે.

''પપ્પા ! એમ જ કરો !''

''શું ?''

''કલબલને જવા દો, એની પાછળ લતા જશે અને આપણને રાહત થશે.''

''અક્કલના જામ ! આ શું બકે છે તું ?''

મને ખોટું લાગ્યું. આ શું ! હું મદદરૂપ થવા ઇચ્છું છું ત્યારે એ તો મારો કાંકરો જ કાઢી નાખે છે. સારું, ભલે હવે એમની મુશ્કેલી એ એકલે હાથે ઉકેલતા. મારે વચ્ચે પડવું જ નથી ને ! મેં મોઢું ચડાવ્યું પણ પપ્પાને ખબર ન પડી. એ તો મારી આગળ આગળ સેનાપતિની અદાથી ચાલ્યા જતા હતા. પાછળ સૈન્ય આવે છે કે નહીં અને આવતું હોય તો એના શા હાલ છે એ જોવાની એમને કશી પડી નહોતી. હું પાછળ ઢસડાતો ખરો પણ મારામાં પહેલાંના જેવો ઉત્સાહ નહોતો. ઊલટાની ચિંતા થવા માંડી – આમણે કંઈ ગુનાહિત કાર્ય કર્યું હશે તો ? હું એમને કેવી રીતે બચાવીશ ?

ચાલતાં ચાલતાં એક એવી જગ્યા આવી જેને મ્યુનિસિપાલિટી ઉદ્યાન ગણે છે અને બાકી લોકો હાથપગ તોડવાની અને પાકિટ ખોવાની જગ્યા સમજે છે.

''અંદર જઈશું ? પેલા બાંકડા પર બેસીએ.''

''એ તો તૂટેલો છે.''

''તો પછી ઘાસ પર.''

''એ હજી આવતે વરસે ઊગશે.'' મેં કહ્યું. તે સાથે પપ્પાએ મારી સામે ડોળા કાઢ્યા અને તે ગોળગોળ ઘુમાવ્યા. મેં નજર નીચી નાખી દીધી. એ બાગમાં ઘૂસ્યા અને હું એમને અનુસર્યો. જ્યાં ભેળનાં પડીકાંના કાગળો પ્રમાણમાં ઓછા હતા એવી એક જગ્યાએ અમે બેઠા.

''બોલો.''

''શું ?''

''પેલી ખાનગી વાત.''

''હા – કાર્તિક ! મારે તને એ કહેવી છે.''

મેં હૈયું પોલાદનું કર્યું. ઊંડો શ્વાસ લીધો - રામનવમી પાસે હતી એટલે રામનું નામ લીધું અને કહ્યું. ''ડરતા નહીં, જે હોય તે કહી નાખો.''

પપ્પા કચવાઈને મારી સામે જોઈ રહ્યા અને બબડ્યા, ''છેક જ ઘનચક્કર નીકળ્યો !''

''કોણ, હું ?''

''બીજો દીકરો છે મારે ?''

''ના.''

''બસ. તો પછી !''

વારુ, સમજી ગયો. પપ્પા મને ઘનચક્કર

માને છે, છતાં પોતાની ખાનગી વાત મને કહેવા માગે છે..... હશે, જવા દો ! આપણાથી કંઈ પપ્પાને એવું કહેવાય છે ?

''સાંભળ !'' પપ્પા ગરજ્યા. અમારી ડાબી બાજુએ થોડેક છેટે બેઠેલા બે માણસોએ અમારી સામે શંકાશીલ નજરે જોયું. હું લજવાયો પણ પપ્પાએ પેલાઓને જોયા હશે તો યે તેમને કંઈ દરકાર નહોતી. ફરી વાર પહેલાંના કરતાં પણ વધારે મોટા અવાજે તેમણે કહ્યું, ''સાંભળ !''

''શું તમે કંઈ કહો તો ખરા !''

''વચ્ચે બકબક નહીં કર. જો પરમ દિવસે તારી મમ્મીની વરસગાંઠ છે.''

''ખબર છે !''

''એમ ?''

''હાસ્તો ને ! મને, લતાને, કલબલને, ભગવાનને, બધાને ખબર છે.''

''અરે ! તમને કોણે કહ્યું ?''

''મમ્મીએ.''

''ઓ ભગવાન ! રજનીને યાદ છે ?'' પપ્પા દુઃખી થઈ ગયા. દુઃખી હોય ત્યારે જ એ ઉપરવાળા ભગવાનને યાદ કરે છે. બાકી તો નીચેવાળાથી કામ ચલાવી લે છે. મને એમની દયા આવી, મેં કહ્યું, ''પપ્પા ! પોતાની વરસગાંઠ તો માણસને યાદ હોય જ ને !''

અમે જે જગ્યાએ બેઠા હતા ત્યાં બે વરસ પહેલાં ઊગેલા ઘાસનાં થોડાં સૂકાં મૂળિયાં હતાં. એમાંથી એકાદબે હાથમાં આવ્યાં તેને વગર વિચારે ખેંચતા પપ્પા બોલ્યા, ''હું ધારતો હતો કે એને યાદ નહીં હોય.''

''માણસનું ધારેલું બધું જ સાચું પડતું નથી. હશે, તમે અફસોસ ન કરો અને જે વાત કહેવા આવ્યા છો તે કહી નાખો.''

''વાત ? શેની વાત ?''

''કેમ ? તમે કહેતા હતા ને કે ખાનગી વાત કરવી છે !''

''પપ્પા નારાજ થઈને મારી સામે જોઈ રહ્યા. કદાચ તેઓ મને કોઈ બીજા ઈલ્કાબથી નવાજવા માગતા હતા પણ જડ્યો નહીં એટલે જૂનાથી કામ ચલાવી લીધું. નિસાસો નાખીને બોલ્યા, ''બેવકૂફ ! તને મેં કહ્યું તો ખરું !''

''શું ?''

''પરમ દિવસે રજનીની વરસગાંઠ છે.''

''પપ્પા ! પપ્પા ! બહાદુર બનો. તમે જે કંઈ કર્યું હોય તે કહી નાખો. હું તમને બચાવીશ, તમને તમારા દીકરામાં ભરોસો નથી ?''

''પપ્પાની નજરમાં અચંબો અને ડર એવાં ભળેલાં હતાં. એમનું ચાલત તો મને જરૂર કોઈ પાગલખાનામાં મૂકી આવત. જેમતેમ કરતાં એ બોલ્યા, ''કાર્તિક ! સાચું કહે તમને કંઈ થયું છે ?''

''મને ? મને શું થવાનું હતું ?''

''તો પછી આવી ગાંડીઘેલી વાતો કેમ કરે છે ?''

''પપ્પા ! બીજું જે ઘેલું હોય તે, હું તો નથી જ. હું પૂરેપૂરો હોશહવાસમાં છું અને એ માનવા હું જરા પણ તૈયાર નથી કે પરમ દિવસે મમ્મીની વરસગાંઠ છે એટલું જ કહેવા માટે તમે મને આ બેકાર બગીચામાં લઈ આવ્યા હો....નહીં, જરૂર તમારા મનમાં કોઈ ભેદ છે. તમે આફતમાં આવી પડ્યા છો અને ઇચ્છો છો કે હું તમને મદદ કરું. તો બોલી નાખો પપ્પા ! ડરો નહીં, હું હાજર છું.''

''શું બોલું, માથું મારું ! કહ્યું તો ખરું કે રજનીની વરસગાંઠ કેવી રીતે ઊજવવી તેની મારે તારી સાથે વાત કરવી હતી. મારે એને એકદમ સરપ્રાઈઝ આપવી હતી. હું માનતો હતો કે મારા સિવાય કોઈને એની વરસગાંઠ યાદ નહીં હોય અને આપણે એક ભવ્ય ઉજવણી કરીને એને સાનંદાશ્ચર્યમાં ડુબાડી દઈશું.''

''શેમાં ?''

''આનંદમાં ને આશ્ચર્યમાં..... મારે એને નવાઈ પમાડવી હતી. મને એમ કે તું મને કોઈ યોજના ઘડવા લાગશે. એને બદલે તું તો કંઈ ભળતાસળતા લવારા કરવા માંડ્યો.''

''પપ્પા ! તમે સાચું બોલો છો ?''

''પપ્પાને એવું પુછાય ?''

''પુછાય તો નહીં – પણ એક જ વાર કહો, ફક્ત આ વાત કરવા માટે તમે મને આ બગીચામાં લઈ આવ્યા હતાં ?''

''હા, જો કે આ જગ્યા બાગ કે બગીચા જેવા નામને લાયક નથી.''

''એ મુદ્દો નથી. મુદ્દો એ છે કે મમ્મીની વરસગાંઠ કેવી રીતે ઊજવવી એ વિશે વાત કરવા તમે મને અહીં લઈ આવ્યા છો અને તમારે માથે સરકારી, ડાક્ટરી, કે ઈન્સાફી - કોઈ જાતનું લફરું નથી. તમારે પૈસાની પણ ઉપાધિ નથી.''

''કાર્તિક ! પૈસાની ઉપાધિ વગરનો તો કોઈ માણસ આ દુનિયામાં નહીં હોય, પણ તારી જોડે વાત કરવી પડે એવી ઉપાધિ તો મારે નથી જ. તું કહે છે એવાં લફરાં પણ નથી.''

''કોઈ શત્રુ ?''

''ના, તારામાં રહેલો અક્કલનો અભાવ ક્યારેક મને ઉશ્કેરે છે ખરો, પણ તોયે તને હું એ વર્ગમાં ન મૂકી શકું. તું દુશ્મન ખરો, પણ મારો નહીં - બુદ્ધિનો.''

''બસ, તો પછી મારી સાથે વાત જ શા માટે કરો છો ?''

''નહીં નહીં, કાર્તિક ! એમ ખોટું ન લગાડ.''

મને ઈચ્છા થઈ આવી કે પપ્પાને કહી દઉં કે તમારી સાચી કે ખોટી ખાનગી વાતો તમારી પાસે જ રાખો. મને એ જાણવાનું સહેજે મન નથી, હું તો આ ચાલ્યો. પરંતુ હું જાણતો હતો કે હું ભલે ગમે એટલો સ્વતંત્ર મિજાજનો હોઉં, મારા પગ સંસ્કારી હતા. મારી જીભ લક્ષ્મણરેખાની અંદર જ રહેવાને ટેવાયેલી હતી. મારા પપ્પાની અવગણના કરીને હું ત્યાંથી ઊભો થઈ શકું નહીં, ચાલી શકું નહીં, મારા મનમાં આવે તે બોલી શકું પણ નહીં. બીજી જીભ ક્યાંથી લાવું ? બીજા પગ ક્યાંથી લાવું ? મૂંગો મૂંગો બેસી રહ્યો.

''કાર્તિક ! આપણે શું કરશું ?''

મારું મૌન.

''આમ શું કરે છે, કાર્તિક ! મારો ડાહ્યો દીકરો નહીં ?''

''પપ્પા ! આ ડાયલોગ મારી મમ્મીનો છે. તમે એ ન બોલો.'' મારે એમને કહેવું જ પડ્યું. શું થાય ? એક પાત્ર જ્યારે બીજા પાત્રની લાઈનો બોલવા માંડે ત્યારે ભલભલાં નાટકો ભોંયભેગાં થઈ જાય છે..... પપ્પા અચાનક આવું કરવા માંડે તો અમારા ઘરનું શું થાય ?

''કાર્તિક, મને લાગે છે કે તને ખરાબ લાગ્યું છે.''

''બનવાજોગ છે.''

''મમ્મીની વરસગાંઠ વરસમાં એક જ વાર આવે છે.''

''એકલી મમ્મીની નહીં, બધાંની વરસગાંઠ વરસમાં એક જ વાર આવે છે.''

''તને નથી લાગતું કે આપણે એ ઊજવવી જોઈએ.''

''મેં ક્યાં ના પાડી ?''

''પણ તું સરખી રીતે વાત ન કરે તો આપણે કોઈ યોજના શી રીતે કરી શકીએ ? તને ખબર છે, આ એની પચાસમી વરસગાંઠ છે ? મારે એની ભવ્ય ઉજવણી કરવી છે. કોઈએ ન કરી હોય એવી, રજની રાજી રાજી થઈ જાય એવી.''

''એમ ?'' હું થોડો થોડો પીગળવા માંડ્યો. મમ્મી રાજી રાજી થાય એમાં મને રસ હતો.

''આપણે શું કરશું કાર્તિક ?''

''આપણે બધાને જમવા બોલાવીએ.''

''નહીં નહીં નહીં ! રજની મારી છે – એટલે કે આપણી છે. – લોકોની નથી. આપણે લોકોને નથી બોલાવવા. એવી વરસગાંઠની મજા આપણે જ લુંટીશું.''

''પપ્પા ! તમે એને કંઈ ભેટ આપો.''

''શી ભેટ આપવી એ જ કોયડો છે ને ! ભગવાન કહેતો હતો તેમ મારા કસરતના મશીનનું વૉશિંગ મશીન કરાવી નાખું ?''

''એમાં તો ભગવાનને ફાયદો, મમ્મીને ઊલટાનું નુકસાન !''

''નુકસાન શી રીતે ?''

''વીજળીનું બિલ વધારે ના આવે ?''

''હં..... તો પછી શું લાવીશું ? કંઈ નવું ..... અફલાતૂન ! તને સૂઝે છે.''

''એને હીરાનો સેટ લાવી આપો.''

''કાર્તિક, એમાં એક મુશ્કેલી છે. રજની ગોલકોંડાની ખાણના, બેલ્જિયમ આર કટના હીરાને લાયક છે જ્યારે મારું બજેટ અમેરિકન ડાયમંડ લગી માંડ પહોંચે. નહીં, કાર્તિક નહીં..... હીરાની વાત જવા દે.''

''તો સોનાનો સેટ !''

''સોનાના ભાવની હું દરકાર નથી કરતો – પણ ધાર કે હું સોનાના દાગીના લાવું અને રજની એ પહેરે – તો પછી એ બહાર જાય કે નહીં ?''

''જરૂર જાય.''

''તું છાપાં વાંચે છે કે નહીં ? લોકો દુષ્ટ થઈ ગયા છે. રસ્તે ચાલતી મહિલાઓના ગળામાંથી ને હાથમાંથી ને નાકમાંથી ને કાનમાંથી દાગીના ખેંચી કાઢે છે. તરાપ મારીને લઈ જાય છે.''

''વીમો ઉતરાવીએ.''

''પણ રજનીને કેટલો આઘાત લાગે ? એને ઈજા પણ થઈ શકે ..... ઉંહું. એ તારી વાત બરાબર નથી. દાગીના પર મૂક ચોકડી.''

''વારુ, તો સાડી લઈએ.''

''હં..... એ ઠીક છે. સાડી ક્યાંથી લઈશું ? કેવી લઈશું ?''

''દુકાનો તો ઘણી જ છે. આર્ટ ગેલેરીઓમાં પણ હવે ચિત્રોને બદલે વસ્ત્રો જ વેચાતાં હોય છે..... તમે કહો ત્યાં જઈએ !''

''કાર્તિક !'' પપ્પા જરાં મૂંઝાયા અને બોલ્યા, ''સાડીઓમાં તો કંઈ બે ચાર જાત આવતી હશે, નહીં ?''

''બે નહીં, બાર''

''તને એ દિશામાં કંઈ જ્ઞાન ખરું ?''

''ખાસ નહીં, કારણ કે કૉલેજમાં તો બધા સલવાર કમીઝ ને એવું તેવું જ પહેરે છે. લતા કે કલબલની સલાહ લો.''

''ન લેવાય. એ લોકો તરત રજનીને કહી દે. પછી સરપ્રાઈઝ ક્યાં રહી ?''

''તો શું કરીશું.''

''કાર્તિક ! બહાદુર બન, મને સાથ આપ. ચાલ આપણે સાડીની દુકાનમાં જઈએ.''

''બાપબેટાએ બગીચાનો ત્યાગ કર્યો અને સૌથી પહેલી જે કચ્છીની દુકાન આવી તેમાં પ્રવેશ કર્યો. અનાજમાંથી ધ્યાન ખસેડીને આ લોકો જ્યારથી કપડામાં પડ્યા છે ત્યારથી મહિલાઓ બાળકો અને યુવાનો સુખી છે. પ્રૌઢ ઉંમરનાં પુરુષો દુઃખી છે. કારણ કે બિલનાં નાણાં એમને ચૂકવવાં પડતાં હોય છે.

જાડા કાચનાં બારણાં, માણસ ધ્રૂજી ઊઠે એટલી ઠંડી ફેલાવતું એરન્ડિશનર, સુંદર સાડીઓ પહેરેલી બિહામણી પૂતળીઓ. કંટાળેલા સેલ્સમેન અને વાતો કરતી સેલ્સગર્લ્સ, ઈન્દ્રપ્રસ્થમાં કૌરવો બબૂચક બનેલા એવી જાતની દર્પણરચના જેથી ઘરાકો ક્યાં પ્રવેશવું તે સમજી જ ના શકે. વગેરે વગેરે સાડીની દુકાનનાં અગત્યનાં અંગો અહીં મોજૂદ હતાં.

થડા પર ઘણે ભાગે શેઠનો દીકરો બેઠો હશે. એની આંખે ચશ્માં હતાં. કાયમ શરદી ને બદહજમીનો એ શિકાર લાગતો હતો. મોટો થશે ત્યારે સંધિવા અને બ્લડપ્રેશરનો શિકાર પણ જરૂર થવાનો. આમ ઢગલો વળીને આવી ઠંડીમાં હાલ્યાચાલ્યા વિના બેસી રહેવાનું હોય ને આંકડા તથા રૂપિયા ગણ ગણ કરવાના હોય તો મારા પણ એ જ હાલ થાય. બિચારો ! એના તરફ સહાનુભૂતિભરી નજર નાખી હું આગળ વધ્યો. પપ્પા કંઈક નર્વસ લાગતા હશે. મારી માફક સાડીની દુકાનમાં એમણે પહેલી જ વાર પગ મૂક્યો હશે.

એમણે ગળું ખોંખાર્યું, આંખો મીંચી અને જાહેર કર્યું. મારે એક સાડી જોઈએ છે.

એક ઓછો સુસ્ત સેલ્સમેન અમારી પાસે આવ્યો અને એણે પૂછ્યું, ''કેવી ?''

પપ્પાના વિચારો સ્પષ્ટ હતા. એમણે તરત કહી દીધું, ''સારી !''

દુકાનમાં સન્નાટો છવાઈ ગયો. કોઈ ચાંપલી સેલ્સગર્લ હસી પડી. શેઠના છોકરાએ એની સામે ડોળા કાઢ્યા એટલે એ શાંત થઈ ગઈ. પેલા દયાળુ સેલ્સમેને અમને પાછું પૂછ્યું, ''કેવી એટલે કઈ જાતની ?''

''સારી ! કહ્યું ને ?''

''અમારી દુકાનમાં બધી સાડીઓ સારી જ હોય છે.''

''તો પછી આપો.''

''કઈ ?''

''કોઈ પણ.''

સેલ્સમેન મૂંઝાયો. એણે મદદની માગણી કરતી નજર ચારે બાજુ ફેરવી. એક વૃદ્ધ પુરુષ એની વહારે ધાયો. એણે પપ્પા પાસે આવીને

નરમાશથી કહ્યું, ''સાહેબ, આપ પસંદ કરો તે સાડી કાઢી આપું.''

''હું ? હું શા માટે પસંદ કરું ? હું કંઈ સાડી પહેરું છું ?'' પપ્પા ઉશ્કેરાયા. મેં એમનો હાથ ખેંચ્યો પણ એમના પર કશી અસર ન થઈ. પહેલેથી જોયું છે, મારા પપ્પા વીફર્યા પછી કોઈના નહીં. પેલા બુઝર્ગે શાંતિ રાખીને કહ્યું, ''સાહેબ ! આપ જરા આ તરફ જુઓ.'' પેલી વરવી પૂતળીઓએ પહેરેલી સાડીઓ તરફ આંગળી ચીંધીને એણે પૂછ્યું. ''બોલો, આ ગમે છે ?''

''હા, ઠીક છે.''

''એ પાંચ હજારની છે. કાઢી આપું ?''

બાજુમાં પડેલા સ્ટૂલ પર પપ્પા ધબ દઈને બેસી પડ્યા. કિંમત સાંભળીને, કે અમારા બધાની હાજરીમાં પૂતળીને નિર્વસ્ત્ર કરવાનો ઈરાદો સાંભળીને, તે હું નક્કી ન કરી શક્યો, પણ આ લોકો સાડીની દુકાનમાં આટલી સખત ઠંડી કેમ રાખે છે તે મને સમજાયું. ગ્રાહકને પરસેવો છૂટી જાય તેની સામે આ સાવચેતીનાં પગલાં છે. પપ્પાની હાલત જોઈને મને મારું કર્તવ્ય સમજાયું. હું તરત મેદાને જંગમાં ઊતર્યો. કડક ચહેરો કરીને મેં કહ્યું, ''નહીં, એનો રંગ બેકાર છે. મમ્મીને એ નહીં ગમે.''

''ઓહો, બાને માટે જોઈએ છે ? અલ્યા, ત્યાંથી પેલી કોટાની થપ્પી ઉઠાવ જોઈએ. જુઓ ભાઈ આ સાડીઓ સારી ને સસ્તી આવશે. દોઢ બે મહિના ખુશીથી ચાલશે. ડ્રાયક્લીન કરાવજો.''

''અને આ ?'' બાજુમાં લટકતી એક અર્ધપારદર્શક અને મોરનાં ચીતરામણવાળી



કંઈક ઠીક દેખાતી સાડી તરફ મેં આંગળી કરી.

''એ પરગંજા છે – એ તમારાં નસીબ હશે એટલી ચાલશે.''

''કેટલાની છે ?''

''આઠસોની. પણ વેચવાની નથી.''

''કેમ ?''

''ઘરાકને આપેલી છે.''

''છે તો તમારી દુકાનમાં ! ખોટું કેમ બોલો છો ? કોઈ પણ માણસે ખોટું ન બોલવું જોઈએ. મારા પપ્પાને એની સખત ચીડ છે. નહીં પપ્પા ?''

પપ્પાએ જેમ તેમ માથું હલાવ્યું. એમનામાં બોલવાના હોશકોશ રહ્યા નહોતા. વૃદ્ધ સજ્જને મને સમજાવ્યું, ''જુઓ ભાઈ, સાડી વેચાઈ ગઈ છે, પણ અમારે ડિલિવરી પરમ દિવસે કરવાની છે એટલે શો માટે રાખી છે.''

''શો માટે રાખવાનો અર્થ શો ? માણસોને આકર્ષીને માલ ન આપો એનો અર્થ શો ? આ તમારી રીતભાત બરાબર નથી.''

સાહેબ હું તમને એવી જ બીજી સાડી બતાવું.''

''નહીં નહીં – આમાં પોપટ છે. મોર નથી.''

''સાહેબ, પોપટ પણ સારું પંખી છે.''

''ભલે રહ્યું, મને આ જ સાડી જોઈએ.''

''માફ કરજો – એ નહીં અપાય. અમારા કાયમના ઘરાકની છે. પરમ દિવસે ડિલિવરી આપવાની છે.''

''મારે એ જ જોઈએ.''

''સાહેબ, એ તો નહીં બને. રજનીબહેન નારાજ થઈ જાય.''

''શું ? કોણ ?'' પપ્પા સ્ટૂલ પર બેઠા બેઠા બોલ્યા.

''રજનીબહેન શ્રીકાન્ત ! અમારા રોજના ઘરાક છે. પરમ દિવસે એમની વરસગાંઠ છે ને એટલે આ સાડી પસંદ કરી ગયાં છે, સેક્સરીઆ બિલ્ડિંગમાં ડિલિવરી આપવા આ જાતે જવાના છે.''

''હું પણ !'' હું યે જવાની છું.'' સેલ્સગર્લનો શોરબકોર એટલો હતો કે કોઈને પપ્પાને પાણી આપવાનુંયે સૂઝ્યું નહીં. કદાચ મારા સિવાય કોઈને એ દેખાયું પણ નહીં હોય કે એમને ચક્કર આવે છે.

❖❖❖

## તો હું જરૂર જીતીશ

પાણીપતની લડાઈ બહુ જાણીતી છે. એક બાજુ મરાઠા હતા અને બીજી બાજુ અહમદશાહ અબ્દાલી હતો. સાંજનો સમય હતો અને અહમદશાહ સેનાનું નિરીક્ષણ કરતો હતો. એટલામાં એણે સામે કાંઠેની છાવણીમાં ઠેરઠેર નાની નાની આગ પેટાવાતી જોઈ. એને સમજ ન પડી. એટલે સેનાપતિને પૂછયું. સેનાપતિએ કહ્યું, 'હિન્દુઓમાં જાતિભેદ હોય છે અને કોઈના હાથનું કોઈ ખાતું નથી. માટે બધાએ રસોઈ માટે અલગ અલગ ચૂલા સળગાવ્યા છે. તે બધા જુદી જુદી રસોઈ કરીને ખાશે.'

'એમ છે ? અહમદશાહ આનંદથી ઊછળી પડ્યો, અને બોલ્યો, 'તો તો આપણે જીતી જ ગયા સમજો. હવે મને હારવાનો જરાયે ડર નથી.'



'કેવી રીતે ?' સેનાપતિએ પૂછ્યું.

'જે લોકો એકસાથે જમવા તૈયાર ન થાય તેઓ એકસાથે મરવા પણ તૈયાર ઓછા જ થવાના છે ?'

આખરે એમ જ થયું. અહમદશાહનું વચન સાચું પડ્યું. તે જીત્યો.

# તને આજે ઓળખી

**વાસુદેવ સોઢા**



ગણેશે મંજરીએ લંબાવેલી નોટો હાથમાં લીધી. એક એક નોટ છૂટી પાડીને તે ગણવા લાગ્યો. ગણેશની અપેક્ષા કરતાં ઘણાં જ રૂપિયા ઓછા હતા. નોટોને બેવડી વાળીને ગણેશે તેના શર્ટના ઉપલા ખિસ્સામાં સેરવી દીધી. મોં પર કચવાટનો ભાવ ઊપસી આવ્યો. મંજરી સામે ગણેશ જોઈ રહ્યો. થોડા ગમા-અણગમાના ભાવ ચહેરા પર ફરી વળ્યા.

'મારી સામે શું જોઈ રહ્યા છો ?' સાડીના છેડાને વળ આપતા મંજરી બોલી.

હોઠ પર જીભ ફેરવી ગણેશ બોલ્યો, 'તે આપ્યા તે રૂપિયા તો ઓછા પડશે !'

'ઓછા ક્યાંથી પડે ?' મંજરી ઊંચા અવાજે બોલી. 'બરાબર ગણતરી કરીને મેં તમને આપ્યા છે.'

'પણ સાવ કટોકટ પૈસા થોડા લઈ જવાય ?' ગણેશ થોથવાઈને બોલ્યો.

'કટોકટ કેવા ? વધારાના પચાસ રૂપિયા આપ્યા છે. બસ, આટલાથી તમારે કામ ચલાવી લેવાનું છે. વધારે એક પણ પૈસો મળશે નહીં સમજ્યા ?' મંજરી ધમધમ કરતી રસોડામાં ચાલી ગઈ.

ગણેશ મંજરીની લચકતી કેડને નિહાળી રહ્યો. માથા પર હાથ મૂકીને ધબ કરતો ખુરશીમાં બેસી ગયો. 'તોબા... આવી પત્નીથી...પૈસા આપે પણ ગણી ગણીને. વધારે આપે જ નહીં ને ! આ કરતા તો...' ગણેશ ગણગણતો હતો.

'શું બકબક કરો છો ?' મંજરી હાથમાં સાણસી લઈને આવી. 'શું ક્યારના ગૂણગૂણ કરો છો ?'

ગણેશને થયું કે અત્યારે મંજરી સાથે વાદ-વિવાદમાં ઉતરવાનો અર્થ નથી. જો થોડું વધારે બોલશે તો મંજરી તેની આદત મુજબ ભડભડ બોલવા માંડશે. તેવું વિચારી એ ચૂપ રહ્યો.

'કંઈ નહીં. મેં તને કંઈ નથી કહ્યું.' ગણેશે મંજરીને ત્યાંથી વળાવી.

બહારગામ જવાની બેગ તૈયાર પડી હતી. તે હાથમાં લીધી, 'હું જાઉં છું... સાંભળે છે ?'

'એ હા... જાવ. જુઓ તમારા બે જોડી કપડાં મૂકી દીધા છે ને પેલી તમારી ઓફિસની ફાઈલ બેગના તળિયે કપડાં નીચે મૂકી છે. તે સંભાળીને રાખશો. ટૂવાલ ને નૅપ્કિન પણ તેમાં જ મૂક્યા છે... સંભાળીને જજો.' મંજરીએ અંદરથી જ કહી દીધું.

ગણેશ હાથમાં બેગ લઈને બહાર નીકળ્યો ને બૂમ સંભળાઈ... 'એ... ઊભા રહો...'

ગણેશના મોં પર કંટાળાના ભાવ તરી આવ્યા, 'શું છે ?'

મંજરી તેની નજીક આવી. 'આ તમારી દવા પડી જ રહેત... લ્યો, સવારે ને સાંજે યાદ કરીને લઈ લેજો.'

'ભલે, મને તું મોડું ન કરાવ, બસ ચૂકાઈ જશે.'

'અને હા, મફલર બરાબર બાંધીને બસમાં બેસજો. પવન લાગી જશે તો પાછી શરદી થઈ જશે.' મંજરીએ સૂચના આપી.

હજી ડગલું ભરવા જાય છે ગણેશ, ત્યાં મંજરી બોલી 'અને હા, બસની બારી ખુલ્લી રાખીને બારી પાસે ન બેસતા.' મંજરી ગણેશની સામે જોઈને બોલી.

'હવે તારે જે કંઈ સલાહ આપવાની હોય તે એક સામટી આપી દે. વચ્ચેથી મને પાછો ન બોલાવીશ.' ગણેશ બોલ્યો.

મંજરી મૌન થઈ ગઈ. ગણેશની આંખોમાં તાકી રહી.

'ઠીક જાવ... સાચવીને જજો...' એટલું બોલીને મંજરી અવળું ફરી ગઈ. તેની આંખો સહેજ ભીની થવા લાગી.

ગણેશે આ જોયું. મંજરી કઈ માટીની બનેલી છે ! વાતવાતમાં વાદવિવાદ કરે છે, જીભાજોડી કરે છે ને હું બે દિવસ માટે બહારગામ જાઉં છું... તેમાં તો...

ગણેશ આગળનું વિચારવાનું છોડીને બસસ્ટેન્ડ તરફ જવા લાગ્યો.

ગણેશ અને મંજરીના લગ્નનાં ઘણાં વર્ષ વીતી ગયાં હતાં. મંજરીનો સ્વભાવ થોડોક કડક હતો. હાથ થોડોક કંજૂસ હતો. એમ કહેવા કરતા કરકસરિયો હતો, પણ ગણેશને એનો આ સ્વભાવ ખૂંચતો. વાતવાતમાં પાઈ પાઈનો હિસાબ રાખવાની ટેવ મંજરીની હતી. ખોટો પૈસો ક્યાંય વેડફાઈ ન જાય તે મંજરી ખાસ જોતી.

આ બાબતે ક્યારેક ગણેશ અને મંજરી વચ્ચે બોલાચાલી પણ થઈ જતી. આખરે ગણેશ કંટાળીને મંજરીની વાત સ્વીકારી લેતો, પણ ગણેશના મનમાં ક્યાંક ખટકતું કે આવી પત્નીથી ક્યાં પાનો પડ્યો.

વ્યવહારમાં ક્યાંક ઊભા રહેવા માટે કે મિત્રો મળી જાય તો તેને ચા-પાણી કે પાન-સોડાનો આગ્રહ કરતા પણ ગણેશ અચકાતો. કારણ કે તેના ખિસ્સામાં મંજરીની ગણતરી મુજબના જ પૈસા રાખ્યા હોય.

આવવા જવાનું બસનું ટિકિટ ભાડું, એકાદ વખતની ચા, ને એકાદ પાન ખાઈ શકે એટલા પૈસા માંડ ખિસ્સામાં રહેતા. એમાં અણધાર્યો કોઈ મળી જાય ને ગણેશને ચા પાવાનો વખત આવે તો ગણેશને ચાના પૈસા કાઢવાનો વિચાર કરવો પડતો.

ક્યારેક ગણેશને મંજરી પર દાઝ ચડતી. આવો વ્યવહાર ને ઉપરથી ટકટક તેને અસહ્ય થઈ પડતી, પણ એ મંજરી સાથે માથાકૂટ કરવાનું ટાળતો. કારણ કે તેનું પરિણામ કશું જ આવવાનું ન હતું. મંજરી તેનો સ્વભાવ ફેરવી શકે તેમ ન હતી.

બે દિવસમાં ઓફિસકામ પતી ગયું. ગણેશે પૈસાની ગણતરી કરી. વળતાની ટિકિટ ઉપરાંત થોડા પૈસા હતા. એ બેગ ખોલીને જ્યાં ઉતર્યો હતો તે રૂમમાં કપડાં બદલવા લાગ્યો. બદલતાં તેનો હાથ બૂશર્ટના ખિસ્સામાં ગયો.

ખિસ્સામાં કંઈક કાગળ જેવું હતું. અંદર જોયું તો સો સોની ત્રણ નોટો ખિસ્સામાં હતી. સાથે ચબરખી પણ હતી. તમારે પૈસા વિના મુંઝાવું ન પડે એટલે મેં આ ત્રણસો રૂપિયા અલગ મૂક્યા છે, જરૂર જણાય તો વાપરજો.

ગણેશ આશ્ચર્યથી પૈસા સામે જોઈ રહ્યો ને મનોમન મંજરીને યાદ કરતો રહ્યો. આ તે કેવી સ્ત્રી ? હું એને સમજી નથી શકતો. લાગણી છે પણ અપ્રગટ અંતરની લાગણી જ વહાવે છે. વળાવતી હતી ત્યારે પણ દરવાજા સુધી ભલામણ કરતી આવી હતી. મંજરી ખરેખર વ્યવહાર કુશળ સ્ત્રી છે. મારી કંઈક ભૂલ થતી લાગે છે. ગણેશ એવું મનોમન વિચારવા લાગ્યો.

ઘરે આવ્યો ત્યારે તેણે ખરીદેલા મકાનના પૈસા ભરવાની નોટિસ આવી હતી. બે મહિના થવા આવ્યા છતાં વાયદા પ્રમાણે તે પૈસા ભરી શક્યો ન હતો અને મંજરીથી તેણે આ વાત છુપાવી હતી.

નોટિસ વાંચીને ચિંતામાં પડી ગયો. શું કરવું તે તેને સમજાતું ન હતું. મંજરી તેની પાસે આવી. ‘મકાનના પૈસા ભરવાના બાકી છે... એ તમે મને જણાવ્યું પણ નહીં ?’

‘તને શું જણાવું ? પૈસા હોય તો ભરું ને ?’ ગણેશે લાચારી દર્શાવી.

‘લ્યો...’ મંજરી પૈસાની થપ્પી લઈને આવી. ‘મને વાત તો કરવી હતી. આ ફરજ તમારા એકલાની નથી. મારી પણ છે... હું તમારી ઘરવાળી છું.’

‘તારી પાસે આટલા બધા રૂપિયા ?’ ગણેશ આંખો ફાડીને જોઈ રહ્યો.

‘પાઈ... પાઈ... કરીને... કરકસર કરીને એકઠા કર્યા છે... તે આવા કપરા સમય માટે જ...’’ મંજરી સજળ આંખે બોલી ઊઠી.

ગણેશ ઊભો થયો. તેણે મંજરીની આંખમાં જોયું. સ્નેહસભર લાગણી છલોછલ આંખો મંજરીની હતી. ગણેશે તેને નજીક ખેંચીને કહ્યું, ‘મંજરી, આટલાં વર્ષે હું તને આજે જ સમજી શક્યો. તારી અંદર પડેલ વ્યવહારું ને લાગણીશીલ સ્ત્રી ને આજે જ ઓળખી શક્યો છું.’ ગણેશનો કંઠ ગદ્ગદિત થઈ ગયો.

‘એ બધી વાત પછી...’ મંજરીનો મિજાજ ફરી ગયો. ‘પેલા મને તમે બહારગામ જઈને આવ્યા તેનો હિસાબ આપી દો.’

અને એ સાથે જ ગણેશ અને મંજરી બંને એકસાથે હસી પડ્યા. તેના હાસ્યથી આખો ઓરડો ભરાઈ ગયો. ❖❖❖

## ‘‘કેમ’’



મા આપણને ગર્ભમાં નવ મહિના રાખે છે,
તો કેમ આપણે એના વારા પાડી દઈએ છીએ.
મા આપણને નાનપણમાં કોળિયા ખવડાવે છે.
તો કેમ આપણે એને જમાડતા અચકાઈએ છીએ.
મા આપણને ચાલતા શીખવાડે છે,
તો કેમ આપણે એની લાકડી બનતા શરમાઈએ છીએ.
મા આપણને બોલતા શીખવાડે છે,
તો કેમ એની બોલવામાં ભૂલ પડતા આપણે હસીયે છીએ.
મા આપણને સ્કૂલે લેવા અને મૂકવા આવે છે,
તો કેમ એને ઈંગ્લીશ ન આવડતા આપણે મજાક કરીએ છીએ,
મા આપણને ભાવે તે બનાવીને ખવડાવે છે,
તો કેમ એના માટે કંઈ બનાવવાનું આપણે ટાળીએ છીએ.
મા આપણને સરસ-સરસ કપડા પહેરાવતી હોય છે
તો કેમ આપણે એને જૂનવાણી કહીને ચીડાવીએ છીએ.
મા આપણને પરીક્ષામાં ખૂબ સહયોગ કરે છે,
તો કેમ આપણે સમયના અભાવનું બહાનું કાઢીએ છીએ.
મા આપણને સંસ્કાર શીખવાડે છે,
તો કેમ આપણે એને જ ટોંકતા હોઈએ છીએ.
મા આપણને કરકસર કરીને મોટા કરે છે,
તો કેમ આપણે એને જ ભૂલી જઈએ છીએ.
કેમ આપણે આટલા બદલાઈ જઈએ છીએ,
કેમ આપણે આટલા સ્વાર્થી થઈ જઈએ છીએ,
કેમ આપણે આટલા વ્યસ્ત થઈ જઈએ છીએ,
‘‘કેમ.’’

# ઓટલાનો અહેસાન



ઓટલાનું ઋણ અદા કરનારા હજી મળે, પણ ઓટલાનું ઋણ અદા કરનારા તો શેઠ મફતલાલ જેવા કોઈક જ મળે. રોટલાનું ઋણ તો હજી સમજી શકાય કે, જેના ઘરનું ખાઈને ભૂખ ભાંગી હોય, એનો ઉપકાર માથે ચડાવવો અને અવસર મેળવીને પ્રત્યુપકાર કરવો એને રોટલાનું ઋણ કહી શકાય, પણ ઓટલાનું ઋણ એટલે શું ?

શેઠ મફતલાલ જ્યારે મફા તરીકે વગોવાતા હતા, ત્યારના દિવસોની આ વાત છે. એ વખતે પંચમહાલ જિલ્લામાં આવેલ હાલોલ નામના ગામમાં તેઓ ફેરી કરીને માંડ માંડ પેટ ભરતા હતા. એમની પાસે રોટલોય નહોતો, તો ઓટલો તો હોય ક્યાંથી ? એમનો આખો દિવસ તો રખડપટ્ટીમાં પસાર થઈ જતો. થાકીપાકીને લોથપોથ થઈ ગયેલા એમને આરામ માટે ઓટલો તો કોણ પૂરો પાડે ? એથી એક પેઢી-દુકાનના ઓટલાનો મફતિયો આશ્રય લઈને મફાભાઈ રાત પૂરી કરતાં. આ એમને રોજનો ક્રમ બની ગયો હતો. દિવસભર રઝળપાટ કરીને પેટિયું રળી લેવું અને રાતે આરામ માટે રોજ એક જ દુકાનના ઓટલાનો આશ્રય લેતા મફાભાઈ જ્યાં સુધી હાલોલમાં રહ્યા, ત્યાં સુધી તો એમના દિવસ-રાત આ જ ક્રમ મુજબ પસાર થવા પામ્યા.

ભાગ્ય આડેનું પાંદડું ખસી જવાની પળ પાકી જવા આવી હશે, એથી એક દહાડો હાલોલ છોડીને મફાભાઈને કોઈ શહેરમાં જવાનું બન્યું. એમની પર શહેરની મહેર ઊતરી, જેથી ફેરીના આંટાફેરા ટળ્યા અને એમને નોકરી મળી ગઈ. થોડા દિવસો આ રીતે પસાર થયા બાદ એમના ભાગ્યે થોડી વધુ યારી આપીને મફાભાઈને કોઈ મોટા શહેરમાં લાવી મૂક્યા. મોટા શહેરમાં આવતાં જ કોઈ પેઢીએ એમને નોકરી આપીને પછી ભાગીદાર તરીકે વધાવી લીધા અને એમનું ભાગ્યચક્ર ઝડપભેર પલટાયું. ભાગ્યચક્રે મફાભાઈને સ્વતંત્ર-દુકાનદારીના યોગ કર્યા અને પછી તો એમનો સિતારો એવો ચમકવા માંડ્યો કે, મફતિયા મફાભાઈ ધીમે ધીમે શેઠશ્રી મફતલાલ ગગલદાસ તરીકે સંપત્તિ અને સુપ્રસિદ્ધિનાં ઊંચા ઊંચા શિખરો સર કરતા જ રહ્યા અને એક વગદાર-આબરૂદાર નામ-કામ ઉપરાંત અબજોના આસામી તરીકે તેઓ ઠેરઠેર પ્રતિષ્ઠા પામ્યા.

અબજોના આસામી તરીકેનો વર્તમાન-કાલીન વૈભવ માણનાર માટે ફેરી ફરનારા તરીકેનો ભૂતકાળ સાંભરી આવે, એ અશક્ય પ્રાયઃ હોવા છતાં શેઠ મફતલાલ ગગલદાસના સ્મૃતિપટે એક દહાડો હાલોલમાં વિતાવેલી એ હાલત તાદૃશ ખડી થઈ જવા પામી અને એમને એક વિચાર આવ્યો કે, હું હાલોલમાં દયનીય હાલતમાં હતો, ત્યારે મને રોટલો પૂરો પાડનારાનું જેમ મારી પર ઋણ ચડેલું જ છે, જેણે મને ઓટલો પૂરો પાડ્યો, એ દુકાનદારનું પણ એટલું જ ઋણ ચડેલું છે. મને રોટલો પૂરો પાડનાર તો એક જ દુકાનદાર હોવાથી ઓટલાનું ઋણ તો હું અદા કરવા ધારું તો જરૂર અદા કરી શકું એમ છું અને મારે એ ઋણ જરૂર અદા કરવું જ જોઈએ.

ઓટલાના અહેસાનની સ્મૃતિ થયા બાદ તરતના જ દિવસોમાં શેઠ મફતલાલે રોકડા રૂપિયાથી ભરેલી થેલી સાથે હાલોલ તરફ જવાનો નિર્ણય કર્યો. આ નિર્ણયની જાણ થતાં જ ઘણાને આશ્ચર્ય થયું કે, હાલોલ જેવા ગામડાની મુસાફરી અણધારી જ કેમ નક્કી થઈ હશે ? થોડા સાગરિતો સાથે શેઠ મફતલાલની ગાડી મુંબઈથી નીકળીને હાલોલ પહોંચી ગઈ. શેઠે સૂચવેલા રસ્તે ગાડી બજારમાં પ્રવેશીને એ દુકાન આગળ આવીને ઊભી રહી ગઈ કે, જે દુકાનના ઓટલાનું ઋણ ચૂકવવા કાજે જ શેઠ આટલા સુધી લાંબા થયા હતા. હાલોલ જેવા ગામડાના બજારમાં પ્રવેશેલી ગાડીને સૌ આશ્ચર્યથી નિહાળી રહ્યા હતા ! એમાં પણ એ ગાડી જ્યાં સામાન્ય ગણાતી એક દુકાનની આગળ ઊભી રહી અને ગાડીમાંથી બહાર આવેલા શેઠ જ્યાં દુકાનમાં પ્રવેશ્યા ત્યાં જ સૌના આશ્ચર્યને આરો-ઓવારો ન રહ્યો. પોતાની સામે આવતા શેઠને જોઈને દુકાનદાર કિંકર્તવ્યમૂઢ બની જવા પામ્યો. સામેથી જ શેઠે પ્રશ્ન કર્યો, 'આ દુકાનના માલિક આપ જ છો ને ? આ દુકાનના ઓટલાનું મારા માથે ઋણ ચડેલું છે. એ ઋણ અદા કરવા હું આવ્યો છું. માટે જ આ પ્રશ્ન કરી રહ્યો છું.'

આ પ્રશ્નનો જવાબ હકારમાં વાળીને દુકાનદારે આશ્ચર્યપૂર્વક પૂછ્યું કે, 'આ દુકાન મારી છે, પણ મેં તો તમને જોયા જ નથી. આજે મને પહેલી જ વાર તમારું દર્શન થઈ રહ્યું છે. તમારા નામઠામ હું જાણી શકું ખરો ?'

નામ તરીકે મફતલાલ અને ગામ તરીકે મુંબઈ જણાવીને પછી શેઠે ભૂતકાળની સ્મૃતિ કરાવતાં કહ્યું કે, 'તમે મને નથી ઓળખતા, એમ હું પણ તમને ઓળખતો નથી. હા તમારી દુકાનનાં આ ઓટલાને તો હું બરાબર પિછાણું છું. કેમકે વર્ષો પૂર્વે આ જ ઓટલાએ કેટલીય રાતો સુધી મને આરામપ્રદ આશરો આપીને મારી પર અહેસાન કર્યો હતો. એ અહેસાનનું ઋણ અદા કરવા જ આજે મોડો મોડો પણ હું મુંબઈથી આવ્યો છું.'

શેઠની આ વાત સાંભળીને સૌ એકસાથે પૂછી બેઠા કે, 'શું મફતલાલ ગગલદાસ આપ પોતે જ ? આ નામ તો ઘણી ઘણીવાર અને ઘણાઘણાના મોઢે સાંભળવા મળ્યું છે. અત્યારે આપ સામે જ ઊભા હોવા છતાં આપનું આગમન અને બધાને તો અસંભવિત અને આશ્ચર્યસમું ભાસે છે.'

સાવ સહજભાવે શેઠે જવાબ વાળ્યો કે, 'મારો એ પણ ભૂતકાળ હતો કે, જ્યારે આ હાલોલમાં કેટલાય સમય સુધી મારે ફેરી કરીને પેટ ભરવું પડ્યું હતું. એ દિવસોમાં આ હાલોલે જ મને રોટલો પૂરો પાડ્યો હતો, ત્યારે મને

ઓટલો પૂરો પાડનાર આ જ દુકાન હતી. ઓટલાનું સાચેસાચું પૂરેપૂરું ઋણ અદા કરવા તો હું કંગાળ છું, પણ ફૂલ નહિ તો ફૂલ-પાંખડી રૂપે હું યત્‌કિંચિત જે સમર્પિત કરવા માગું છું, એનો આ ઓટલાના માલિક તરીકે સ્વીકાર કરીને આપે મને ઋણમુક્ત બનાવવો જ પડશે.'

આંખમાં આવેલાં ઝળઝળિયાં સાથે ગદ્‌ગદ અવાજે આટલું કહીને વળતી પળે મફતલાલ શેઠે દુકાનદારના ચરણે રોકડા રૂપિયા ૫૦ હજાર ભરેલી થેલી સમર્પિત કરી દીધી. આકાશમાં વાદળાં ન હોય અને મુશળધાર વૃષ્ટિ થાય, એનો જેવો અનહદ આશ્ચર્ય અને અખૂટ આનંદની લાગણી દુકાનદાર સહિત સૌ અનુભવી રહ્યા. ચમકતી વીજળીની અદાથી એ થેલી અર્પણ કરીને અદૃશ્ય બની જનારા શેઠની ઋણમુક્તિની આ ભાવનાએ ઓટલાના અહેસાનનો એક નવો જ ઈતિહાસ આલેખ્યો, જેની સ્મૃતિ થતાં આજેય અહોભાવિત બની જવાય છે.

**આ. શ્રી પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**

# મીઠી જીભ

**નસીમ મહુવાકર**

એ લેપટોપ અને ફાઈલો ભરેલી બેગ સંભાળતી ઉતાવળે સોસાયટીના નાકે આવી. પ્રેઝન્ટેશન સ્લાઈડ પૂરી કરવામાં બસનો સમય ચુકાઈ ગયો. ઑફિસ પહોંચવા રિક્ષા કર્યા વિના છૂટકો નહોતો. ઓફિસ ખાસ્સી દૂર એટલે ભાંડુપ ભારે પડવાનું. થોડે દૂર એક રિક્ષા ઊભેલી જોઈ. એ ભાગતી એની પાસે પહોંચી. રિક્ષાવાળાને સરનામું આપી આવવા પૂછ્યું.



''બેન, એ તો બહુ દૂર છે. તમને ભાડું મોંઘુ પડશે.''

''મીટિંગમાં ટાઈમસર પહોંચવું પડે એમ છે. લઈ લો ભાઈ, વાંધો નહિ.''

''આમ તો હું એ બાજુ ચાલતોય નથી પણ તમે ઉતાવળમાં લાગો છો, એટલે આવું બેસી જાવ.''

''કેમ નથી જતા એ બાજુ ?'' એણે રિક્ષામાં બેસતા પૂછ્યું.

''અમારા એરિયા બાંધેલા હોય છે, એમાંય હું તો સ્કૂલની વરધીમાં છું. બપોર પછી જ છૂટક ભાડા લઉં છું. આ તો વેકેશન છે એટલે સવારના અહીં છું.''

''અચ્છા.''

રિક્ષા એકદમ સુઘડ અને સજાવટવાળી હતી. આ માણસની કાળજી ઊડીને આંખે વળગી. સાથે એય એકદમ વ્યવસ્થિત જણાયો. ભાષા પણ વિનમ્ર અને ચોખ્ખી. ભણેલો હોવો જોઈએ.

''બેન, કાયમી નોકરી છે કે ?''

''હા, ભાઈ.''

''ત્યારે તો નસીબદાર. બાકી આજકાલ તો ફાંફાં પડે છે. તમે નહિ માનો હું એમ.કોમ. છું.''

''હેં ? ? ?''

''હા, બેન. નોકરીમાં ક્યાંય મેળ પડ્યો નહિ. જે મળી એના પગારથી ઘરમાં પૂરું થયું નહિ. ઘણાં કામકાજ કરી જોયાં. છેલ્લે આ રિક્ષાથી મેળ પડ્યો. હવે ઘરનું ગાડું રગડ્યે જાય છે.''

''બસ આનાથી વિષેશ શું જોઈએ ?''

''ફેર પડે બેન, એમ. કોમ. કરીને નોકરી કરતા માણસને લોકો બોલાવે, ને એક રિક્ષાવાળાને બોલાવે એમાં ઘણો ફેર પડે.''

''જો ભાઈ, કામ ગમે તે હોય, આપણું ઘર કુટુંબ સચવાઈ જાય એ જરૂરી છે. ને ગમે તે કામ કરે, માણસ તો માણસ જ છે.''

''એ સાચું બેન.''

એ એની કથાવ્યથા આખા રસ્તે સાંભળતી રહી. કદાચ પહેલી વખત કોઈએ એને રસથી સાંભળ્યો હતો એટલે એય ખૂલતો ગયેલો. વાતોમાં ને વાતોમાં ઓફિસ આવી ગઈ. રિક્ષા ઊભી રહી, એ ઊતરી. મીટર રીડિંગ કરી પૈસા કાઢી એને આપ્યા.

''ના, બેન. આજે તમારું ભાડું નથી લેવાનું.''

''કેમ ?''

''બેન, અત્યાર સુધી બધાના મોઢે ''રિક્ષાવાળો'' શબ્દ જ સાંભળ્યો. પહેલીવાર તમારા મોઢે 'ભાઈ' સાંભળ્યું, ને તમે માણસ માની મારી સાથે વાતોય કરી. નોકરી ન મળે તો કાંઈ નહિ. કોઈ મીઠી જીભે બોલાવે તોય જીવવાનું બળ મળી રહે.''

''પણ આટલું બધું ભાડું...''

''મળી રે'શે. બસ આવો ભાવ નથી મળતો.'' કહેતાં એણે રિક્ષા ફરીથી ચાલુ કરીને સડસડાટ હંકારી ગયો.

# આત્મીયતાની આર્ટ

કૃષ્ણકાંત ઉનડકટ



દરેક માણસને સફળ થવું છે. સફળતાની ખ્વાહિશ સારી વાત છે. જે ખુલ્લી આંખે સફળતાનું સપનું જુએ છે એની આંખોમાં જ ચમક વર્તાય છે. સફળતાનું સપનું સાકાર કરવાની પહેલી શરત સજ્જતા છે. સજ્જતાથી જ ક્ષમતા કેળવાય છે. કંઈક કરી છૂટવું છે, મારી જાતને સાબિત કરવી છે, મારા હોવાનો કોઈ અર્થ છે, આ અર્થને મારે ઉજાગર કરવો છે. સફળતા માટે એક ઝનૂન સવાર હોવું જોઈએ. દરેકને ખબર જ હોય છે કે મારે શું કરવું છે, શું બનવું છે. એક ગોલ નક્કી હોય છે. એક ટાર્ગેટ નજર સામે હોય છે. એ સિદ્ધ કરવા માટે શું કરવું જોઈએ, એની પણ આપણને જાણ હોય જ છે. કંઈ રહી જાય છે તો મંજિલ સુધી પહોંચવાના પ્રયાસો. જે કરવું હોય એ સારી રીતે થતું નથી. સજ્જતા માટે દાનત હોવી જોઈએ. આપણી સામે એટલા બધા ટેમ્પ્ટેશન છે, જે આપણને લલચાવે છે. નક્કી કર્યું હોય એ થતું નથી.

આપણને પણ હવે તારીખો પાડવાની આદત પડી ગઈ છે. આ દિવસથી કરીશ. આવતી કાલથી વાંચવાનું શરૂ! હવે તો રેગ્યુલર જિમ જવું છે. આપણે તો નાની-નાની વાતોમાં પણ મક્કમ રહી શકતા નથી. મન થાય એમ કરવું બધાને ગમે છે. એક યુવાન ફિલોસોફર પાસે ગયો. જિંદગી વિશેની વાત થઈ ત્યારે ફિલોસોફરે કહ્યું કે, જિંદગીને વહેવા દેવી જોઈએ. એ યુવાને કહ્યું, હું એ જ કરું છું, પણ નિષ્ફળ રહું છું. હું જિંદગીને વહેવા દઉં છું. મન થાય ત્યારે ઊઠું છું, ઇચ્છા થાય ત્યારે સૂવું છું, મૂડ આવે ત્યારે કામ કરું છું. મારી મસ્તીમાં રહું છું. ફિલોસોફરે કહ્યું કે, જિંદગીને વહેવા દેવાનો અર્થ એ નથી કે મન થાય એમ કરવું. જિંદગી કઈ તરફ વહે છે એની સતર્કતા તો હોવી જ જોઈએ. દરિયામાં હોડી લઈને નીકળો પછી હલેસાં તો મારવાં જ પડે છે. હોડી જેમ જતી હોય એમ જવા દો તો છેલ્લે ડૂબવાનો જ વારો આવે. હવા મુજબ સઢ ફેરવવું પડે. સામું વહેણ હોય તો વધુ જોરથી હલેસાં મારવાં પડે. જિંદગીનું પણ એવું જ છે. જિંદગીને વહેવા દેવાનો અર્થ એ છે કે કોઈ પણ પરિસ્થિતિથી વિચલિત ન થવું. ગમે એવા સંજોગોમાં ધ્યેય ન ભૂલવું. નક્કી હોય તે વાતને વળગી રહેવું.

આપણે બધું શીખીએ છીએ, પણ જિંદગી જીવતા શીખતા નથી. તમે શું માનો છો, જિંદગી જીવતા એમ જ આવડી જાય છે? ના, એ પણ શીખવું પડે છે. સમય, સંજોગો, અનુભવો અને સંબંધો તમને જિંદગી જીવતા શીખવાડે છે. એમાંથી બોધપાઠ મેળવીને જિંદગીને જીવતા શીખવી પડે. વિચારોને કેળવવા પડે. જિંદગીની દિશા નક્કી કરવી પડે. આપણે દરરોજ શું શીખીએ છીએ, કેવું શીખીએ છીએ અને એ શીખ્યા પછી જિંદગી જીવવામાં તેનો કેટલો અમલ કરીએ છીએ એના ઉપરથી જિંદગી બને છે. એક ગુનેગાર એક સંત પાસે ગયો. તેણે સંતને પૂછ્યું, મારો વાંક શું? સંતે કહ્યું કે, તારો વાંક એટલો જ કે તને જિંદગી જીવતા ન આવડ્યું! જિંદગી પાસેથી તું કંઈ ન શીખ્યો. કંઈ ન શીખો તો પણ ક્યારેક કોઈ વાંધો આવતો નથી, પણ ન શીખવા જેવું શીખો તો સો ટકા વાંધો આવે જ. જે લોકો જેલમા કે

# સમાચાર સંકલન

## લાયન તારાચંદ બાપા હોસ્પિટલ -સાયનમાં શ્રી તુષાર ગાંધી પલ્મનરી કેર અને રીહેબ ડિપાર્ટમેન્ટના ઉદ્‌ઘાટન




ઝાલાવાડી સભાની શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં સદ્‌ગત પિતાશ્રી સી.યુ. શાહની સ્મૃતિમાં પ્રતિવર્ષ ૨૫ લાખ રૂા. આપનારા શ્રીમતી મીનળબેન રોહિતભાઈ શાહે સાયન સ્થિત લાયન તારાચંદ બાપા હોસ્પિટલમાં તુષાર ગાંધી પલ્મનરી કેર અને રીહેબ ડિપાર્ટમેન્ટ માટે રૂા. પાંચ કરોડનું અનુદાન આપ્યું છે.

કોરોનામાં પોતાના ભાઈ તુષારભાઈ ગાંધીને ગુમાવનારા મીનળબેને એમની સ્મૃતિને જીવંત રાખવા આ અનુદાન કર્યું છે.

સાધર્મિકો અને નીચલા મધ્યમ વર્ગા માટે આશીર્વાદ રૂપ. બહુ જ ઓછા દરે તબીબી સેવા પૂરી પાડતી આ હોસ્પિટલમાં કાર્ડિયોલોજી ડિપાર્ટમેન્ટની અદ્યતન સુવિધાઓ સાથે કોરોના પછી જેની અત્યંત જરૂરિયાત છે તેવા પીએફટી ટેસ્ટ માત્ર છ જ મિનિટમાં કરી શકાય છે. ફેનો ટેસ્ટ માટેનું તો આ સર્વપ્રથમ સેન્ટર બન્યું છે.

જરૂરિયાતમંદ સાધર્મિકોને અહિં રાહત દરે સારવાર મળશે.

પાગલખાનામાં છે એ જિંદગી જીવવામાં નાપાસ થયેલા લોકો છે. જિંદગી જીવતા શીખવું પડે છે, પણ એની કોઈ માર્કશીટ હોતી નથી. એ તો ચહેરા ઉપર દેખાતી હોય છે. આ માર્કશીટના ગુણ રોજેરોજ વધતા કે ઘટતા હોય છે. અમુક લોકોને જોઈને આપણને એટલે જ એવું થાય છે કે, આ માણસ તો એની જિંદગી હન્ડ્રેડ પર્સન્ટ જીવે છે ! આપણે ક્યારેય એ વિચારીએ છીએ કે આપણે આપણી જિંદગી કેટલા ટકા જીવીએ છીએ ? પાસિંગ પર્સન્ટેજ જેટલી જિંદગી છે કે નહીં ? જો ન હોય તો સમજવું કે આપણે જિંદગી જીવવાનું શીખવામાં ક્યાંક થાપ ખાઈ ગયા છીએ. જિંદગીનું એટલું સારું છે કે એ સતત તમને જિંદગીને વધુ બહેતર બનાવવાની તક આપતી રહે છે. ગમે તે ઉંમરે માણસ જિંદગી જીવવાનું શરૂ કરી શકે છે. અહીં કોઈ એજ લિમિટ નથી. થોડીક હળવાશ જરૂરી છે. કરિયરમાં સફળ હોય એ માણસ પણ જિંદગી જીવવામાં નિષ્ફળ હોય છે. જિંદગીમાં જે નિષ્ફળ હોય છે એ ગમે એટલો સફળ હોય તો પણ સુખી હોતો નથી. ખુશી કોઈ ડિગ્રીથી મળતી નથી. આનંદનો અભ્યાસક્રમ હોતો નથી, એની તો અનુભૂતિ હોય, એનો તો અહેસાસ હોય, એના માટે જિંદગી જીવતા આવડવું જોઈએ !

સફળ કરતાં નિષ્ફળ માણસની કથા કદાચ વધુ રસપ્રદ હોય છે. અધૂરાં સપનાં ચેન લેવા દેતાં નથી. અધૂરી તરસ આખી જિંદગી વર્તાતી રહે છે. અધૂરા પ્રેમનો એક ગજબનો વિરહ હોય છે. જય અને પરાજય વચ્ચે જિંદગી ઝુલતી રહે છે. ક્યારેક આપણે મધ્યમાં આવી જઈએ છીએ ત્યારે એક આંખ વિજય તરફ અને બીજી પરાજય તરફ મંડાયેલી રહે છે. સવાલ થાય છે કે આ બે વચ્ચે હું ક્યાં છું ? સુખ કયાં છે ? શાંતિ કયાં છે ? અમુક શોધ અંતિમ માસ સુધી પૂરી થતી નથી. સફળ માણસ આત્મકથા લખે છે. નિષ્ફળ માણસ પોતાની કથા જીવતો હોય છે. એ એકાંતમાં કે એકલતામાં પાનાંઓ ઉથલાવતો રહે છે. એવાં પાનાં જેમાં એના સિવાય કોઈને રસ નથી. કોઈને પડી નથી. કોઈને ફેર પણ પડતો નથી.



એક માળી હતો. સરસ મજાનો બગીચો બનાવે. એક પેઈન્ટર દરરોજ એ બગીચામાં આવે. એક ઝાડની નીચે ફૂલોના છોડની વચ્ચે એ પોતાનું ઈઝલ ગોઠવે. કેનવાસ ઉપર રંગોના એક પછી એક સ્ટ્રોક લગાવે. માળી ચૂપચાપ બધું જોયા કરે. એક પેઈન્ટિંગ બને એટલે માળી એક બુકે બનાવે અને એ પેઈન્ટરને ગિફ્ટ આપે. બંને હમ ઉંમર હતા. એકસાથે વૃદ્ધ થયા. પેઈન્ટર બીમાર પડ્યો. બગીચામાં આવી શકતો ન હતો. થોડુંક સારું લાગ્યું એટલે એ બગીચામાં ગયો. વૃદ્ધ માળી ક્યારો સાફ કરતો હતો. પેઈન્ટરે એના ખભે હાથ મૂક્યો. પેઈન્ટરે સાથે લાવ્યો હતો એ માળીને આપ્યું. પેઈન્ટરે પોતાનું એક સરસ મજાનું પેઈન્ટિંગ ગિફ્ટ આપ્યું. માળીએ પૂછ્યું. આ શું છે ? પેઈન્ટરે કહ્યું, મારો બુકે ! તું મને દરેક પેઈન્ટિંગ પૂરું થાય ત્યારે બુકે આપતો હતો ને ? આ મારું પેઈન્ટિંગ તને મારો બુકે છે.

માળીની આંખોમાં થોડીક ભીનાશ ઊભરી આવી. આંખોમાં પણ ક્યારેક કૂંપળો ફૂટતી હોય છે. આંખોના ખૂણે પણ સળવળાટ થતો હોય છે. માળીએ કહ્યું, તમારી કળા તો અમર છે. એ તો કાયમ જીવતી રહેવાની છે ! હું તો બહુ નાનો માણસ છું. પેઈન્ટરે કહ્યું, ના તું નાનો માણસ નથી. તને ખબર છે, તું પણ એક સર્જક છે. રોજ બગીચામાં ફૂલોનું સર્જન કરે છે. મારું એક પેઈન્ટિંગ તો કેટલા બધા દિવસે પૂરું થાય છે. તારું સર્જન તો રોજ ચાલતું રહે છે. રોજ એક નવું ફૂલ ખીલે છે અને તારી સર્જનપ્રક્રિયા સજીવન થાય છે. તારા સર્જનમાં તો ખીલવું છે, તારા સર્જનમાં સુગંધ છે. મારા પેઈન્ટિંગનાં ફૂલો કદાચ લાંબાં ટકશે, પણ એ સજીવ તો નથી જ ! તું તો સજીવનો સર્જક છે ! હા, હું મર્યા પછી કદાચ પેઈન્ટિંગથી લોકોને યાદ રહીશ. તું કદાચ ભુલાઈ જઈશ, પણ એક વાત યાદ રાખજે, તું આ બગીચામાં જીવતો રહેવાનો છે ! અમુક લોકોની આર્ટ રોજિંદી હોય છે. એ દરરોજ ઊગે છે અને આથમી પણ જાય છે. એ દિવસ દરમિયાન એ જેટલા લોકોને સ્પર્શે છે એ એની જીવંતતાને મહેસૂસ કરે છે. સાચી કલા એ છે જે લોકોને જીવતા શીખવાડે ! અમે લોકો આર્ટ દ્વારા અમર થવાનો પ્રયાસ કરીએ છીએ. તું તારી આર્ટ દ્વારા લોકોને દરરોજ જીવવાનો ઉમદા અવસર આપે છે ! હું તારી કળાની કદર કરું છું. મારા કરતાં તારી કળાને હું વધુ સારી, સુંદર અને સજીવન સમજું છું ! એ દોસ્ત, બીજાની ખબર નથી, પણ મને તો તું મારા છેલ્લા શ્વાસ સુધી યાદ રહેવાનો છે.

તમને કોઈ છેલ્લા શ્વાસ સુધી યાદ કરે એવું છે ? તો માનજો કે તમે સફળ છો. સફળતા માત્ર ડિગ્રી, હોદ્દા કે આવકથી નથી મપાતી, સફળતા પ્રેમ, ઉષ્મા અને આત્મીયતાથી પણ મપાતી હોય છે. એક ફિલોસોફર પાસે એક મૂર્તિકાર ગયો. તેણે કહ્યું, હું સરસ મજાનાં શિલ્પો બનાવું છું. તમે શું કરો છો ? ફિલોસોફરે હળવા સ્મિત સાથે કહ્યું કે, હું માણસ ઘડું છું. કુદરત છે ને, જ્યારે માણસને જન્મ આપે છે ને ત્યારે એક કોરું કેનવાસ મોકલે છે, એના પર ચિત્ર બનાવું છું. અમુક માણસ પથ્થરના ટુકડા જેવા હોય છે એને માણસ બનાવું છું. આપણા બધાની જિંદગીમાં અમુક લોકો એવા હોય છે જે આપણું સર્જન કરે છે, આપણને ઘડે છે, આપણામાં શાર્પનેસ ઉમેરે છે. આ બધા કલાકારો સામાન્ય હોય તો પણ મહાન છે, સફળ છે. આ બધા સાથે એક વિચાર એ પણ કરવા જેવો છે કે, હું કોઈના માટે નાનો સરખો પણ કલાકાર છું ખરો ? જવાબ જો હા હોય તો તમે સફળ છો, તમે મહાન છો અને તમે સર્જક પણ છો ! આત્મીયતાની આર્ટ બધાને હસ્તગત હોતી નથી !

એક માણસની જિંદગીને પણ જો તમે સલુકાઈથી સ્પર્શી શકો તો તમે સર્જક છો. કોઈના જીવનને જિંદગી રોપવી એ કંઈ નાનીસૂની કળા નથી.

❖❖❖

# શબ્દ-મૌનનો ધ્વનિ

મુનિ વાત્સલ્યદીપ

કુમાર વર્ધમાન શ્રમણ બન્યા પછી સાડા બાર વર્ષ બાદ – મૌનના એક વિરાટ સાગરને સામે તીરે પહોંચ્યા પછી પ્રારંભ કરે છે શબ્દનો. મૌનના અદ્‌ભુત સામર્થ્યની તાજગી મહાવીરના વચનયોગમાં નિહાળવા મળે છે. એમનું વચન સ્વયં નૌકા જેવું છે. માનવી તરી શકે, જો તેમાં આસ્થાથી આસન લગાવે તો.

શક્તિશાળી વચન અગાધ મૌનમાંથી પ્રગટ થાય છે. મૌન જો અનિવાર્ય છે તો શક્તિવંત શબ્દો પણ અનિવાર્ય છે. મૌન અને શબ્દ બન્ને યુગલ જેવા છે, એવું યુગલ જેમાં નિતાન્ત નીરવતા હોવા છતાંય સંવાદી સખ્ય મહોરતું હોય છે!

એક અનુયાયીને સવાલ થયો કે સમગ્ર દેહમાં ઉત્તમ અંગ કયું ? કોઈ જ્ઞાનીને જઈને પૂછયું, જ્ઞાનીએ કહ્યું:


''જીભ.''

અનુયાયી ફરી પૂછે છે, ''દેવ, તો પછી આ દેહમાં ખરાબ અંગ કયું ?'' જવાબ મળ્યો:

''જીભ!''

વચનના વાહન જેવી જીભનો ચમત્કાર ભારે છે. એ સારાં અને કટુ બન્ને વચનો ઉચ્ચારી શકે છે. એક મારામારી કરાવે બીજું મરામત કરી આપે. માનવી ધારે તો વચનની વેલ પર ફૂલ ખીલવીને જગતને સૌરભમય બનાવી શકે. શબ્દને સહારે જેટલું આશ્વાસન મળે છે, તેવી સમર્થ વસ્તુ બીજી જોવા મળતી નથી. વચનને યોગ સમજીને ઉપયોગમાં લેવાય તો એક જ શબ્દથી દુ:ખના દાવાનળ વચ્ચે સુખની પરબ મંડાય. માનવીના મુખને તિજોરી કહે છે અને વચનને રત્ન. રત્નનો પ્રયોગ સમજદારીભર્યો કરવામાં ન આવે તો તેને વેડફાઈ જતાં વાર કેટલી?

હંમેશાં સારું બોલવું જોઈએ. જે શબ્દ પ્રગટ થાય છે તે મૌનના મહાસાગરમાંથી આવે છે. આપણે સૌ મરજીવા છીએ. એ મહાસાગરમાંથી જે વચનરત્ન વીણી લાવીશું તેની પસંદગી શું કાચી કરીશું ?



વાણીની શોભા મધુરતા છે અને કર્કશતા કલંક.

આપણા શબ્દો આજકાલ નિરર્થક જાય છે તેમાં મહત્ત્વનું કારણ વાણીમાં રહેલી કોઈ કર્કશતા છે. ચિત્તના ઊંડાણે પડેલો સુષુપ્ત ડંખ કટુતા પેદા કરે છે. અને એ કટુતા સામેની વ્યક્તિના મનમાં પણ નવો ડંખ ઉમેરે છે અને એની પરંપરા ચાલ્યા કરે છે!

અને આ શબ્દોની ભરમાર એવી છે કે માનવી પોતેય સમજતો નથી કે એ કોઈ ભૂલભુલામણીમાં તો નથી ફસાયોને ?

હૃદયની પેટી કશાકથી ભરેલી છે. વચનથી કોઈ આપત્તિનું નિર્માણ થાય ત્યારે લાગે કે હૃદયની પેટીમાં કરુણાનું અસ્તિત્વ ઘણું ઓછું છે.

બોલવું તો પડે, દરેકને માટે એ જરૂરી હોય છે. હંમેશાં કોઈ અબોલ રહી શકે નહિ અને અબોલ રહેવું એ જરૂરી પણ નથી. જરૂરી માત્ર બે વસ્તુ છે- ઉત્તમ શબ્દોની પસંદગી અને તેનો યોગ્ય સમયે ઉચ્ચાર.

હિટલર વેરની ખેતીનો પાક હતો. અપમાનના એક શબ્દે એને ઝનૂની બનાવી દીધો, અને લાખોની હત્યા કરાવી નાખી! મનુષ્ય ક્યારેક વાણીનું એવું દ્વંદ્વ ખેલે છે કે શબ્દ પોતે શરમ પામે!

એમ કહેવાય છે કે આ જગતમાં સૌથી સસ્તી ચીજ કોઈ હોય તો તે શિખામણ છે, પણ એ શિખામણના વચનમાં ઉત્તમ શબ્દોની પસંદગી અને યોગ્ય સમયની સમજ આવી જાય તો એના જેવી મોંઘી ચીજ કોઈ નથી. કોઈને સત્ય વચન કહેતાં પહેલાં પણ આટલી ચીવટ જો ન રખાય તો આપણે બોલીશું કે નહિ બોલીએ બન્ને બરાબર ગણાશે. શાણો માનવી પોતાના વચનની કિંમત સમજતો હોય છે. એ થોડું બોલે છે તો પણ અસરકારક બોલી શકે છે.

શબ્દ અને મૌન બન્ને સાથે કહે છે. ક્યારે મૌન સ્વીકારવું અને ક્યારે શબ્દ એ માનવીના વિવેક પર નિર્ભર છે. કોઈક ક્ષણ જિંદગીમાં એવી આવે છે કે જ્યારે વાણી ઉપયોગી બની જાય. કોઈ બાળકના બન્ને હાથ પકડીને એક રાજવી કહે છે. :

''તારા બન્ને હાથ મેં પકડી લીધા છે. બોલ, હવે તારું શું થશે ?''

નાનકડો કિશોર હસતાં હસતાં કહે છે ?

''રાજન, હવે જે થશે તે સારું જ થશે.''

''કેવી રીતે ?''

બાળક કહે :

''રાજન, માતા જ્યારે બાળકનો એક હાથ પકડીને જીવનભર એને સાચવે છે તો નગરનો મહારાજા બન્ને હાથ પકડતો હોય ત્યારે સારું ન થાય તો શું થાય ?''

એ રાજા બાળક પર પ્રસન્ન થઈને એને ભેટી પડે છે. આ પ્રસંગનો મર્મ વાણીની ઉપયોગિતા અને મધુરતા બન્ને સૂચવી આપે છે.

કિન્તુ કઈ ક્ષણે શું યોગ્ય છે એનો નિર્ણય તો જાગૃતિથી જ થઈ શકે. જાગૃત માનવી કદી લૂંટાતો નથી. અસભ્ય વચન બોલનારો માનવી જાગતો હશે એમ માની શકાય નહિ.

શબ્દને જો સાધના માનીએ તો સાધક મૌનના મહાસાગરમાંથી સિદ્ધિ મેળવીને જ્યારે બહાર નીકળે છે ત્યારે જીવનમંદિર પરનો કળશ પ્રકાશી ઊઠે છે!

એ સાધક તમે જ તો નથી!

❖❖❖

પ્રવાસ

# રોમની સ્મરણીય સાંજ

સંધ્યા શાહ

ઘરની ચાર દીવાલોમાં બંધ રહીને ખૂબ અકળામણ થઈ રહી છે. અજાણ્યા પર્વત, ઝરણાં કે નદીની સમીપે જવાની ઉત્કંઠા કોરોનામાં અટવાઈ ગઈ છે ત્યારે સ્મૃતિનો સહારો જ મનને પ્રસન્ન કરી શકે... વહી ગયેલા સમયની એક સુખદ સ્મૃતિની, પ્રવાસની આજે વાત કરું.



ઍર ઈન્ડિયાનું દિલ્હીથી ઊપડેલું અમારું વિમાન રોમની ધરતી પર ઊતર્યું એ પહેલાં તો કેટકેટલી વાર એ દૃશ્ય મનમાં કંડારાઈ ગયું હતું. મનને કયાં દિશા અને કાળનાં બંધનો નડે છે ! મને હંમેશાં એવું લાગે કે અજાણી દિશાઓ મને સાદ પાડીને બોલાવે છે. કોઈ ખંડેરની ભવ્ય પ્રતિમા એની વાત કહેવા મને આમંત્રે છે. અણદીઠેલી ભોમ પર આંખ માંડવાની ઉત્સુક્તાએ તો હું અહીં, રાત્રે દસ વાગે ઝળાંહળાં રોશનીમાં દેશ-વિદેશના પ્રવાસીઓ સમેત ફ્યુમિસિનો ઍરપૉર્ટ પર ઊભી છું.

કેટલું સ્વપ્નવત્ !

રોમ એટલે કાળની સંદૂકમાં સચવાયેલાં શાશ્વતીનાં પગલાં... યુદ્ધનો, સામર્થ્યનો, કળા અને સાહિત્યનો સદીઓનો ઈતિહાસ અહીંના કણકણમાં સંચિત છે... આ ઈતિહાસના સાક્ષી બનવાની પારાવાર ઉત્કંઠાએ વહેલી સવારમાં જ નીકળી પડ્યાં.

અઢળક સહેલાણીઓથી ઊભરાતા પરિસરમાં રોમના ભવ્ય ભૂતકાળની સાહેદી આપતું કોલોસિયમ (Colosseum) જોયું. વિશ્વની સાત અજાયબીઓમાં સમાવિષ્ટ રોમનું સહુથી પ્રેક્ષણીય સ્મારક એટલે કોલોસિયમ, ૬૦,૦૦૦ પ્રેક્ષકોને સમાવી શકે તેવું એમ્ફી થિયેટર. તેનો ઈતિહાસ રક્તરંજિત છે. આ ગોળાકાર, ગગનચુંબી ઈમારતમાં રાજાઓ, ઉમરાવો અને શ્રીમંતોના નબીરાઓના મનોરંજન માટે દ્વંદ્વયુદ્ધ અને પશુયુદ્ધ યોજાતાં. ક્યારેક અંગકસરતના ખેલ, ક્યારેક સંગીતના સૂરો તો ક્યારેક દારુણ યુદ્ધના સાક્ષી બનેલ આ સ્થળે એ પળોને ચાક્ષુષ થતી અનુભવી રહી. યોદ્ધાઓના જય-પરાજયની ગુંજ જાણે આજેય સંભળાતી હતી. અમારો ગાઈડ આ ભવ્ય ઈમારતની ભીતર સમાયેલાં ક્રંદનોની વાત કરતો હતો ત્યારે મને યાદ આવ્યું કે મારી મા કહેતી હતી કે 'રોમ જ્યારે ભડકે બળતું હતું ત્યારે તેનો રાજા નીરો ફીડલ વગાડતો હતો.' મારી ઉત્સુકતાના જવાબ રૂપે તેણે કોલોસિયમની અંદર રહેલી અને હવે તો પૂર્ણપણે નષ્ટ થઈ ગયેલી એ પ્રતિમાની જગ્યા દર્શાવી. શતાબ્દીઓના સાક્ષી બનેલા આ સ્મારકના અવશેષ જ હવે તો જોવા મળે છે તેમ છતાં એ સહુ પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર છે. ''ખંડહર બતા રહા હૈ કિ ઈમારત કિતની બુલંદ થી'' લોકો જ્યારે રોમને યાદ કરે, કોલોસિયમને અચૂક યાદ કરે...

શહેરની મધ્યમાં શ્વેત સંગેમરમરનું સ્થાપત્ય છે વિક્ટર એમેન્યુલ મોન્યુમેન્ટ (Victor Emmanuel Monument). ઈટાલીને સંગઠિત કરવાનું શ્રેય જેને મળ્યું છે તેવા પ્રથમ રાજા વિક્ટરને સમર્પિત આ સ્મારકમાં શાસનના પ્રભાવને પોકારતાં અનેક શિલ્પો છે. પ્રથમ







વિશ્વયુદ્ધમાં શહીદ થયેલા અજાણ્યા સૈનિકોની સ્મૃતિઓ આ સ્મારક સાથે સંકળાયેલી છે. હણહણતા ઘોડા પર સવાર રાજાનું શૌર્ય પ્રગટ કરતું શિલ્પ ધ્યાનાકર્ષક છે. રાજા ઊંચાઈ પરથી શહેરનું વિહંગાવલોકન કરી શકે તે માટે ઘોડાઓ પણ ચડી શકે તેવી અતિ લાંબી પગથી, ચોવીસ કલાક પ્રદીપ્ત રહેતા અગ્નિની રખેવાળી કરતા સૈનિકો અને ફૂલોથી શોભતું પરિસર નયનરમ્ય છે. આખાય પરિસરમાં પળવારમાં પીંછી અને રંગોની મદદથી ભવ્ય મહાલયોને ચિત્રિત કરી દેતા કળાકારો આ શહેરની ભૂતકાળની જાહોજલાલી દર્શાવતા હતા. ભાતભાતનાં મહોરાંથી, સંગીતના સૂરોથી અનેક લોકો પ્રવાસીઓનું મનોરંજન કરતા હતા. રોમન સમ્રાટના પોષાક પહેરીને ફરતા લોકો અને નજરબંધી કરીને હવામાં અધ્ધર બેઠા હોય તેવા સાધુઓ સાથે પ્રવાસીઓ ફોટાઓ પડાવતા હતા. સાત ટેકરીઓની વચ્ચે વસેલા રોમમાં ૫૦૦ જેટલા કક્ષ ધરાવતો રાજાનો મહેલ, ઉપરી અધિકારીઓના નિવાસ, ગુલામો સહિત તમામ વસ્તુઓ વેચતું બજાર, ધરતીકંપને કારણે તૂટી ગયેલા સ્તંભો... આ બધું નિહાળતાં નિહાળતાં આખો વિસ્તાર ઘૂમવાની મજા આવી. કોન્સ્ટેન્ટાઈન, જુલિયસ સીઝર ઑગસ્ટસ... કંઈ કેટલાય રોમ સમ્રાટોની આ ભૂમિ પર સમય જાણે થંભી ગયો ! ઈતિહાસનાં પૃષ્ઠો નજર સમક્ષ તરવરતા લાગ્યાં... કેટલી રોમાંચક પળો... ! એક ભવ્ય અતીતના સાક્ષી બનવાનું સદ્ભાગ્ય.



'Rome was not built in a day' ની પ્રતીતિ આપતાં અગણિત શિલ્પો જોઈને અમે પહોંચ્યા ટ્રેવી ફાઉન્ટેન. વિશ્વભરના પ્રવાસીઓનું આ પ્રિય સ્થળ છે. રોમનો સહુથી વિખ્યાત આ બેરોક ફાઉન્ટેન અત્યંત કળાત્મક છે. શંખ આકારના રથ ઉપર બેઠેલા દરિયાદેવ, રથને હાંકતા બે ઘોડાઓ.. સમુદ્રના ભાવને વ્યક્ત કરતા હોય તેમ એક શાંત ને એક તોફાની ને સતત વહેતી જળધારા... ઈટાલિયન આર્કિટેક્ટ નિકોલા સાલ્વીએ શરૂ કરેલા ૮૫ ફૂટ ઊંચા ને ૧૬૫ ફૂટ પહોળા આ ફાઉન્ટેનના અદ્ભુત શિલ્પકામમાં પે ટ્રોની સાથે અનેક કારીગરોનું કૌશલ્ય જોવા મળે છે.

એક એવી માન્યતા છે કે આ ફુવારા વહેતા પાણીમાં સિક્કો નાખીને કોઈ પણ ઈચ્છા કરો, તમારી ઝંખનાની પૂર્તિ થશે. પ્રતિભાવંતો કહે છે, 'રોમને ફરીથી સજીવ કરવાની ઝંખના કરો.' (પ્રતિદિન આ પાણીમાં ૩૦૦૦ જેટલા યુરો નાખવામાં આવે છે. રાત્રે તે એકત્રિત કરીને જરૂરિયાતમંદ લોકોને આપી દેવામાં આવે છે.) એક પુનર્મિલનની કથા પણ આ ફાઉન્ટેન સાથે જોડાયેલી છે. 'થ્રી કોઈન્સ ઈન ધ ફાઉન્ટેન' ઑસ્કર એવૉર્ડ વિજેતા ફિલ્મમાં આ વાત વણી લેવાઈ છે. ફાઉન્ટેનની ધાર પર બેસીને જળશિકરોથી ભીંજાતી રહી. અલબત્ત, ફાઉન્ટેનમાં સિક્કો તો મેં પણ નાખ્યો જ.



આ સ્મરણીય સાંજ હૈયામાં અંકિત થઈ ગઈ...



❖❖❖

## ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન

**શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં તા. ૨૫-૯-૨૦૨૧ પછી મળેલ રકમની વિગત**

**સી.યુ. શાહ એજ્યુકેશન ફાઉન્ડેશન હ. મીનલબેન રોહિતભાઈ શાહ રૂા.૨૫,૦૦,૦૦૦/- (રૂપિયા પચ્ચીસ લાખ પૂરા)**

# સાભાર સ્વીકાર

મણીલાલ મગનલાલ દોશી તરફથી મહેન્દ્રકુમાર મનસુખલાલ કોઠારી (ઘાટકોપર) ના આત્મશ્રેયાર્થે ૧૫૦૦૦/-

મણીલાલ મગનલાલ દોશી તરફથી તેમના સુપુત્ર સનતકુમાર મણીલાલ દોશી (ઘાટકોપર)ના આત્મશ્રેયાર્થે ૧૧૦૦૦/-

# વેવિશાળ

| | | વર પક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|---|
| **દીપ** | **નીતીષા** | | |
| શ્રી કમલેશભાઈ કિશોરભાઈ કામાણીના સુપુત્ર ખાંભા (અમરેલી) નિવાસી (હાલ -કટક ઓરીસ્સા) શ્રી નીતીનભાઈ મનસુખલાલ સંઘવીની સુપુત્રી ધ્રાંગધ્રા નિવાસી (હાલ વસઈ) | | ૫૦૧ | ૫૦૧ |
| **હાર્દિક** | **ત્વિશા** | | |
| શ્રી અતુલભાઈ જયંતિલાલ શાહના સુપુત્ર ખોડુ નિવાસી (હાલ - વિલેપાર્લા) શ્રી ઈલેશભાઈ અનુભાઈ ગોપાણીની સુપુત્રી બોટાદ નિવાસી (હાલ - ઘાટકોપર) | | ૫૦૦ | ૫૦૦ |
| **જેનીસ** | **સૌમીકા** | | |
| શ્રી જીતેન્દ્રભાઈ ભીખાલાલ શાહના સુપુત્ર રાણપુર નિવાસી (હાલ - બોરીવલી) શ્રી અશોકભાઈ છોટાલાલ ગાંધીની સુપુત્રી ધ્રાંગધ્રા નિવાસી (હાલ - અંધેરી) | | ૫૦૦ | ૫૦૦ |
| **હર્ષ** | **હેલી** | | |
| શ્રી સ્વ. વ્યોમેશ મફતલાલ આણંદવાલા તથા જહાનવીબેનના સુપુત્ર ખંભાત નિવાસી (હાલ-અંધેરી) શ્રી પ્રગ્નેશભાઈ ઈશ્વરલાલ વી. ગાંધી અને પ્રતિમાબેનની સુપુત્રી બોટાદ નિવાસી (હાલ-અંધેરી) | | ૧૦૦૧ | ૧૦૦૧ |

## તપશ્ચર્યા નિર્વિઘ્ન પૂર્ણ કર્યા બદલ હાર્દિક અભિનંદન

- આયુષી જયેશભાઈ ગોસલીયાની અઠ્ઠાઈ - ભાયંદર
- તપસ્વી ચિ. સ્પર્શ પૂજા સુકેતુભાઈ શાહની અઠ્ઠાઈ - કાંદિવલી
- તપસ્વી ચિ. કેશવી કિંજલ ધવલ શાહની અઠ્ઠાઈ - કાંદિવલી
- મનન કલ્પેશભાઈ શાહની અઠ્ઠાઈ - કાંદિવલી

# પ્રભુતામાં પગલાં

| | | વર પક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|---|
| **જીનિત-શ્વેતા** | | | |
| શ્રી આનંદભાઈ ભરતભાઈ ગાંધીના સુપુત્ર કડી નિવાસી (હાલ - બોરીવલી) શ્રી સંદિપભાઈ શાંતિલાલની સુપુત્રી ચુડા નિવાસી (હાલ - બોરીવલી) | | ૫૦૧ | ૫૦૧ |


## શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા – મુંબઈ

**માસિક પત્રિકા**

આપ આપની ધંધાની જાહેરખબર, Bio-Data શ્રદ્ધાંજલિ વગેરે જાહેરખબરો દર મહિનાની ૨૦ તારીખ પહેલા સભાની ઓફિસમાં મોકલી આપવી.

કલર પાનું અથવા Black n White ની જાહેરખબરો ત્રણ મહિના અગાઉ સ્વીકારવામાં આવે છે. વધુ વિગત માટે સભાની ઓફિસમાં સંપર્ક કરવો.

**Mob. 7208472884 7208481791 7208472744**

૧. છેલ્લું કવર પેજ (Four Colour Printing ) ૧૮૦ મિ.મી. x ૨૦૫ મિ.મી — રૂા.૧૦૫૦૦/-

૨. કોઈપણ કલર પેજ (Four Colour Printing ) ૧૮૦ મિ.મી x ૨૪૨ મિ. મી. — રૂા. ૮૪૦૦/-

૩. આખું પાનું ૨૧x૧૭ સેન્ટિમીટર (Black & White Printing) — રૂા. ૪૩૦૫/-

૪. અર્ધું પાનું (ઊભી સાઈઝ) ૨૧x૮ સે. મી. (Black & White Printing) — રૂા. ૨૨૦૫/-

૫. પા પાનું (Black & White Printing) ૧૦.૫ (H) x૮ (L) સે. મી. — રૂા. ૧૧૫૫/-

૬. પેનલ (Black & White Printing) ૬x૫ સે.મી. — રૂા. ૬૩૦/-

**(Inclusive of GST)**

**Please send Artwork in JPEG Format Only**

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશા સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

### આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- ધ્રાંગધ્રા નિવાસી (હાલ - ઘાટકોપર) શ્રી રાજેશભાઈ નટવરલાલ સંઘવી તરફથી
- થાનગઢ નિવાસી (હાલ - અંધેરી) માતુશ્રી નીલાબેન કિશોરચંદ્ર શાહ (શૈલેષ ઑપ્ટિશિયન્સ)
- બોટાદ નિવાસી (હાલ - અંધેરી) શ્રી રાજેશભાઈ પ્રવીણચંદ્ર ગાંધી તરફથી
- સુબોધકુમાર ચંદ્રકાંત બેંકર તરફથી
- સુશીલાબેન સુબોધકુમાર બેંકર તરફથી
- નંદરબાર નિવાસી સ્વ. ચંચળબા જેચંદ શાહ પરિવાર દેવલાલી ૩ દિવસની પિકનિક પર ગયા હતા તેની ખુશાલીમાં હ. અ.સૌ. મીરા શૈલેષભાઈ શાહ
- સ્વ. ચીમનલાલ ઉજમશી મોદીના સ્મરણાર્થે હ. કલ્પનાબેન મહેન્દ્રભાઈ પારેખ (ઘાટકોપર - હાલ USA)
- વઢવાણ નિવાસી સુરેશભાઈ ખીમચંદ શાહ (SK Shah Parivar - Malad) તરફથી હસ્તે શ્રીમતી ઉર્મીલાબેન સુરેશભાઈ શાહ
- વઢવાણ નિવાસી (હાલ - બોરીવલી) શ્રી કનકરાય વાડીલાલ શાહના સ્મરણાર્થે. હ : પ્રમોદીનીબેન જયેશભાઈ શાહ
- પાળિયાદ નિવાસી (હાલ - મુંબઈ) સ્વ. વિનોદરાય ચત્રભુજ શાહના સ્મરણાર્થે દ્વિતીય માસિક પુણ્યતિથિ (૮-૯-૨૧) નિમિત્તે. હ : નેહાબેન શીતલભાઈ શાહ તથા પ્રિયાંશી અને રાજવી શાહ કાંદિવલી (મહાવીરનગર)
- લખતર નિવાસી (હાલ - વિલેપાર્લા) સ્વ. મહેન્દ્રભાઈ મનસુખલાલ શેઠના સ્મરણાર્થે હ. પ્રફુલાબેન મહેન્દ્રભાઈ શેઠ અને રૂપાલી રાજુલ શેઠ
- લખતર નિવાસી (હાલ - ચીંચપોકલી) હસ્તે દર્શનાબેન ભરતભાઈ શેઠ તરફથી સ્વ. મહેન્દ્રભાઈ મનસુખલાલ શેઠના સ્મરણાર્થે
- કાંતિલાલ ડુંગરશી દોશી પરિવાર - વિલેપાર્લા હ. મધુસૂદન કાંતિલાલ દોશી, સંજય કાંતિલાલ દોશી

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા : સાભાર–સ્વીકાર

*પર્યુષણ પર્વમાં સંસ્થાના સભ્ય ભાઈ-બહેનો તરફથી સંસ્થાના વિવિધ સેવાલક્ષી ફંડમાં નીચે મુજબ રકમ મળેલ છે.*

| નામ | રૂપિયા |
|---|---|
| **ચીંચપોકલી** | |
| શ્રી કૌશલભાઈ કે. શાહ | ૧૦૦૧ |
| રેણુકાબેન એ. શાહ | ૧૦૦૦ |
| શ્રી ધવલભાઈ એ. શાહ | ૧૦૦૦ |
| શ્રી હર્ષિતભાઈ ડી. શાહ | ૧૦૦૦ |
| જીયાબેન ડી. શાહ | ૧૦૦૦ |
| શ્રી નિતિનભાઈ આર. ગાંધી | ૧૦૦૦ |
| શ્રી ભરતભાઈ એ. વિરાણી | ૫૦૧ |
| રીનાબેન બી વિરાણી | ૫૦૧ |
| શ્રી ચંદ્રકાન્તભાઈ એ. શાહ | ૫૦૧ |
| શ્રી દિપકભાઈ ડી. શેઠ | ૫૦૦ |
| શ્રી વિપુલભાઈ એસ. શાહ | ૫૦૦ |
| શ્રી કૌશલભાઈ વી. શાહ | ૫૦૦ |
| શ્રી જીતેન્દ્રભાઈ એમ. શાહ | ૫૦૦ |
| **ઘાટકોપર (ગારોડિયા નગર)** | |
| શ્રી સતીશભાઈ એસ. ગોસલિયા | ૧૦૦૦ |
| શ્રી ચંદ્રકાન્ત એમ. શાહ | ૭૫૦ |
| શ્રી અતુલ બી. શાહ | ૫૦૧ |
| શ્રી મયુરભાઈ કે. શાહ | ૫૦૦ |
| શ્રી જીતેન્દ્રભાઈ એમ. શાહ | ૫૦૦ |
| શ્રી તુષાર આર સંઘવી | ૫૦૦ |
| શ્રી કિંજલ એસ. દોશી | ૫૦૦ |
| શ્રી કમલેશ એમ. જોબાલિયા | ૫૦૦ |
| **ઘાટકોપર (વેસ્ટ)** | |
| શ્રી દિપેનભાઈ એ. શાહ | ૫૦૦ |
| **કલ્યાણ** | |
| શ્રી દિનેશભાઈ આય. સંઘવી | ૫૦૦ |
| શ્રી કિશોરભાઈ એચ. શાહ | ૫૦૦ |
| શ્રી હસમુખભાઈ એન. દોશી | ૫૦૦ |
| શ્રી શરદભાઈ વી. શાહ | ૫૦૦ |
| દિપ્તીબેન વી. શાહ | ૫૦૦ |
| શ્રી પ્રફુલભાઈ કોઠારી | ૫૦૦ |
| શ્રી સવાઈલાલ એસ. ગાંધી | ૫૦૦ |
| શ્રી વિકાસભાઈ બી. શાહ | ૫૦૦ |
| શ્રી અલ્પાબેન એમ. શાહ | ૫૦૦ |
| સંગીતાબેન એચ સંઘવી | ૫૦૦ |

| નામ | રૂપિયા |
|---|---|
| **વિલેપાર્લા** | |
| યશોમતીબેન પી. ગોપાણી | ૩૦૦૦ |
| દિપાબેન એ. દોશી | ૧૦૦૦ |
| નેહલબેન એસ. મણિયાર | ૫૦૦ |
| **અંધેરી (ઈસ્ટ)** | |
| શ્રી મનોજભાઈ ડી. દોશી | ૧૦૦૦ |
| શ્રી દિનેશભાઈ આર. સંઘવી | ૫૦૦ |
| શ્રી ચન્દ્રકાંત એસ. શાહ | ૫૦૦ |
| શ્રી ભાવનાબેન એસ. કામદાર | ૫૦૦ |
| **અંધેરી (વેસ્ટ)** | |
| શ્રી ગૌરવભાઈ શેઠ | ૫૦૦ |
| શ્રી હરીશભાઈ બી. શ્રોફ | ૫૦૦ |
| હર્ષાબેન એચ શ્રોફ | ૫૦૦ |
| શ્રી પ્રતિકભાઈ એચ શ્રોફ | ૫૦૦ |
| માનસીબેન પી. શ્રોફ | ૫૦૦ |
| સાયશાબેન પી. શ્રોફ | ૫૦૦ |
| શ્રી રોહનભાઈ એસ. દોશી | ૫૦૦ |
| શ્રી સિદ્ધાર્થભાઈ એસ. દોશી | ૫૦૦ |
| શ્રી મહેન્દ્રભાઈ અજમેરા | ૫૦૦ |
| શ્રી નિમિલભાઈ ઈરીશ શાહ | ૫૦૦ |
| ચિરાંગી આય શાહ | ૫૦૦ |
| શ્રી પ્રદિપભાઈ એમ. તલસાણિયા | ૫૦૦ |
| શ્રી સુરેન્દ્રભાઈ શાહ | ૫૦૦ |
| શ્રી પંકજભાઈ સંઘવી | ૫૦૦ |
| **મલાડ** | |
| શ્રી કમલેશભાઈ યુ. શાહ | ૧૦૦૦ |
| નિકિતાબેન વી. શાહ | ૫૦૦ |
| **મહાવીર નગર** | |
| શ્રી પ્રવિણભાઈ એન. શાહ | ૧૧૦૦ |
| શ્રી ચિરાગભાઈ પી. શાહ | ૧૧૦૦ |
| **કાંદિવલી (વેસ્ટ)** | |
| શ્રી અશ્વિનભાઈ સી. કોઠારી | ૧૦૦૧ |
| શ્રી સાવજીભાઈ વાલજી સત્રા | ૧૦૦૧ |
| શ્રી સુધીરભાઈ સી. શેઠ | ૧૦૦૦ |
| સંધ્યાબેન એન. ડેલીવાળા | ૫૦૦ |
| બિજલબેન ટી. ડેલીવાળા | ૫૦૦ |

| નામ | રૂપિયા |
|---|---|
| હેમાલીબેન જે. ડેલીવાળા | ૫૦૦ |
| શ્રી દિનેશભાઈ સી. શાહ | ૫૦૦ |
| **યોગીનગર** | |
| શ્રી રમેશભાઈ એલ. સલોત | ૫૦૦ |
| **બોરીવલી (વેસ્ટ)** | |
| શ્રી અરૂણભાઈ સી. જોબાલિયા | ૧૦૦૦ |
| શ્રી જિતેન્દ્રભાઈ આર. જૈન | ૫૦૦ |
| શ્રી હર્ષદભાઈ બી. અજમેરા | ૫૦૦ |
| શ્રી પંકજભાઈ આર. શાહ | ૫૦૦ |
| શ્રી સનકભાઈ આર. સંઘવી | ૫૦૦ |
| શ્રી પિયુષભાઈ જે. શાહ | ૫૦૦ |
| શ્રી વિનોદભાઈ વી. શાહ | ૫૦૦ |
| શ્રી મહેશભાઈ એમ. વસાણી | ૫૦૦ |
| શ્રી અશોકભાઈ શાહ | ૫૦૦ |
| શ્રી નિરજભાઈ એસ. ખંધાર | ૫૦૦ |
| શ્રી તુષારભાઈ એમ. ગાંધી | ૫૦૦ |
| નયનાબેન તલસાણિયા | ૫૦૦ |
| એક સદગૃહસ્થ | ૫૦૦ |
| તરલિકાબેન એચ. વસાણી | ૫૦૦ |

**તપશ્ચર્યા નિર્વિઘ્ન પૂર્ણ કર્યા બદલ હાર્દિક અભિનંદન**

**૩૦ ઉપવાસ**



**રૂપલ વિપુલ હકાણી**

ભાડિયાદ (વસઈ - વેસ્ટ)

### મહત્ત્વની સૂચના

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને સેનેટોરિયમ બુકિંગ-ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

## સાહિત્યવૃત્ત



# રાજેશ વ્યાસ

**'મિસ્કીન'**

## કવિનો શબ્દ

- આભમાં કે દરિયામાં એક પણ કેડી નથી
અર્થ એનો એ નથી કે કોઈએ સફર ખેડી નથી
- ઓરડામાં એકાદ ચિત્ર હોય પૂરતું છે
જીવનમાં એક સરસ મિત્ર હોય પૂરતું છે
- ચહીં ઉઠાવવા કાવડ મેં શ્રવણની માફક
પછી સતત હું વિંધાયો છું હરણની માફક
- હૈયે તો છું પણ હોઠેથી ભુલાઈ ગયેલો માણસ છું
હું મારા ડાબા હાથે કયાંક મુકાઈ ગયેલો માણસ છું.
- કેટકેટલું ભર્યા કરીશ તું, ખાલી કરવું ભારે પડશે,
બધુંય નક્કામું થૈ જાશે આગળ તરવું ભારે પડશે.
ગારાના ઘરમાં રહેનારે સપના ના જોવા વરસાદી,
કોણ આંખને સમજાવે કે આ ઝરમરવું ભારે પડશે.

ગુજરાતી ગઝલનું એક અત્યંત આદરણીય નામ એટલે રાજેશ વ્યાસ 'મિસ્કીન'. પ્રકૃતિના હર સ્પંદનમાં એક લયની અનુભૂતિ કરનારા આ ગઝલકારે અત્યંત બારીક નકશીકામવાળી ગઝલોનું ખેડાણ કર્યું છે. ગઝલ પર પીએચ.ડી. કર્યું છે. 'તૂટેલો સમય', 'છોડીને આવ તું' 'કોઈ તારું નથી' એવા ગઝલસંગ્રહો અને ગઝલ મીમાંસાનાં પુસ્તકો લખ્યાં છે. નવનીત સમર્પણમાં 'લલિતાસહસ્ત્ર નામ' તથા જનકલ્યાણમાં પ્રગટ થતી 'અનહદના અજવાળા'ની લેખમાળાથી ભાવકો તેમને ઓળખે છે. 'કોઈ આવીને લખાવી જાય છે, જળ ઉપર પગલા પડાવી જાય છે' આવી, અનહદની અનુભૂતિ થકી સહજપણે રચાતી ગઝલો અવધૂતસમા આ સર્જકના ભીતરના ભાવ પ્રગટ કરે છે. કવિશ્વર દલપતરામ એવોર્ડ, હરીન્દ્ર દવે પુરસ્કાર, કુમાર ચંદ્રક, ગુ.સા. અકાદમી તથા સાહિત્ય પરિષદના પુરસ્કારો ઉપરાંત 'લલિતાસહસ્ત્ર' નામ માટે સંસ્કૃત સાહિત્ય અકાદમી તથા અરવિંદ સુવર્ણચંદ્રકથી પણ એમને નવાજવામાં આવ્યા છે. સ્થળસંકોચને કારણે થોડી જ રચનાઓ...

**સંધ્યા શાહ**

તારું કશું ન હોય તો છોડીને આવ તું,
તારું જ બધું હોય તો છોડી બતાવ તું.
અજવાળું જેના ઓરડે તારા જ નામનું,
હું એ જ ઘર છું એ જ ભલે ને આવ તું.
પહેર્યું છે એ ય તું જ છે ઓઢ્યું છે એ ય તું,
મારો દરેક શબ્દ તું મારો સ્વભાવ તું.
સાકરની જેમ ઓગળી જઈશ હું ય પણ,
છલકાતો કટોરો ભલેને મોકલાવ તું.
મિસ્કીન સાત દરિયા કરી પાર એ મળે,
એ રેખા હથેળીમાં નથી તો પડાવ તું.


ઝરમર ઝરતી શ્રાવણ મોકલ,
તને જોઉં એ દર્પણ મોકલ,
જુદાઈ પણ લાખેણી લાગે,
સરસ મજાનું કારણ મોકલ,
ઝાડ ઊગે સાંજે ટહુકાનું,
બસ એ તારું આંગણ મોકલ,
આમ લીલાછમ કયાં લગ રહેવું,
જળ જેવું કે સગપણ મોકલ,
દિવસોથી કયાં સૂરજ ઊગ્યો ?
ખૂબ સુનો છું કેં પણ મોકલ.

એક તું ઝરમરતી ઝરમર આભની,
કોઈ કોરી ઠીબનું હું ઠીકરું.
સાંજના બોળું મને હું યાદમાં,
ને સૂરજ ઊગતાં સુધી હું નીતરું.
ભાગ્ય તો જેનું હશે એ ચૂમશે,
લાવ, મ્હેંદી થૈ હથેળી ચીતરું.
છે મને ભૂલી જવાનો હક તને,
આંખને છોડી શકે છે નીંદરું.
તો ય ઢાંકે છે ગરીબી અંગને,
આભમાં એકેક ઊડે ચીંથરું.
એમને જોયા પછીની આ દશા,
ખોળિયું લાગ્યા કરે છે પિંજરું.

ખાંસે છે વૃદ્ધ ફાધર, એ ઓરડો જુદો છે
બેસે છે ઘરના મેમ્બર, એ ઓરડો જુદો છે
એક એક શ્વાસ જાણે ચાલી રહ્યા પરાણે
ઘરમાં છતાય બેઘર, એ ઓરડો જુદો છે
મહેમાન કોઈ આવે વાતો જૂની પુરાણી
લાગે કહી પળભર, એ ઓરડો જુદો છે
ઘરમાં જૂજ થાતું, બદલાઈ તરત જાતું
બદલાય ના તસું ભર એ ઓરડો જુદો છે
મૃત્યુ પછી પિતાના ખર્ચો કરી સજાવ્યો
લાવ્યા ખરીદી ઈશ્વર એ ઓરડો જુદો છે.

# કલાકારનું મૂલ...





"ભાઈ મુખ્ય પ્રધાન હિતેન્દ્રભાઈનો બંગલો આ છે ?"

અમદાવાદનાં શાહીબાગ વિસ્તારમાં આવેલા મુખ્યમંત્રી હિતેન્દ્રભાઇ દેસાઈના બંગલે એક વૃદ્ધાએ આવી પૂછ્યું.

ઉંમર આશરે પંચોતેરની આસપાસ. કાળું થેપાડું, કાળું કાપડું, માથા સુધી ઓઢેલો કાળો ચોરસો અને પગમાં સપાયટું.

ફરજ પરનો પોલીસ જવાન અચરજથી વૃદ્ધા સામે થોડીવાર જોઈ જ રહ્યો. આવું માણસ અગાઉ મુખ્યમંત્રી બંગલે ક્યારેય આવ્યું ન હતું. અચાનક પોતાની ડ્યુટી યાદ આવતા બોલી ઉઠ્યો,

"બોલો માજી શું કામ છે ?"

"મારે એમને મળવું છે ભાઈ !"

"માજી એમ સીધું મુખ્યમંત્રીને ન મળી શકાય. અગાઉથી એપોઇન્ટમેન્ટ લેવી પડે."

"શું લેવું પડે ભાઈ."

"એપોઇન્ટમેન્ટ માજી... અગાઉથી મળવાની પરવાનગી"

"મારી જાણે ભૂખ ....હું એમાં કઈ નો હમજું ભાઈ. હું તો તમતમારે જોવો !! આયાં એકલઠી બેઠી છું.... આયાંથી ઇમની મોટર નીકળશે તૈયે ઊભી રહીશ.... વાત હાંભળે તો ઠીક નૈતર ખમ્મા એમને......"

અરે માજી તમે કોઈ વાતમાં સમજતાં નથી. કહું છું કે...

જવાન વાત પૂરી કરે એ પહેલાં બંગલાનાં કમ્પાઉન્ડમાં વોકિંગ કરી રહેલા હિતેન્દ્રભાઇએ દૂરથી આ દૃશ્ય જોઈ હાકલ કરી...

"ભાઈ એમને આવવા દો... લઈ આવો એમને અંદર"

"જી સાહેબ."

હમણાં સુધી તપી રહેલો જવાન ટાઢો પડી ગયો.

"ચાલો માજી અંદર... સાહેબ બોલાવે છે."

એટલું કહી જવાન માજીને બંગલામાં અંદર લઇ ગયો.

"આવો માજી..... અરે અરે ત્યાં નીચે નહીં ઉપર બેસો સોફા ઉપર."

સૌજન્યવશ નીચે બેસી રહેલા માજીને એમણે આમ કહી ઉચિત સન્માન આપ્યું.

"ક્યાંથી આવો છો મા ?"

"રાજકોટથી આવું છું બાપ"

ભાષાનાં લહેજો સાંભળી હિતેન્દ્રભાઈએ સહજ પૂછી લીધું.

"સૌરાષ્ટ્રમાંથી આવો છો એમને ?

જ્ઞાતિએ કેવા છો બા ?"

"ગઢવી છીએ ભા."

"પેલા હેમુ ગઢવી થઈ ગયા એવા ગઢવી ?"

"એની જ માં છું !"

એક સેકન્ડ માટે હિતેન્દ્રભાઈ સ્તબ્ધ થઇ ગયા.. પછી તુરંત ઊભા થઈ માને પગે લાગ્યા.

આપને પણ સહેજ આંચકો લાગ્યો હશે.

પણ હા..... તેઓ હેમુ ગઢવીનાં માતુશ્રી અને ચારણ મહાકવિ 'ઈશરા સો પરમેશરા' ની તેરમી પેઢીનું સંતાન બાલુબા અમરસંગ ઈશરાણી અને રતનું કુળનાં ચારણ નાનભા રવુભા ગઢવીનાં ધર્મપત્ની પોતે હતાં.

"અરે બા... ! છેક આયાં સુધી ધક્કો ખાવો પડ્યો ?"

"હા ભા. વખાની મારી આવી છું. હેમુનું આવડું નામ.... આવડું કામ..... અને એનાં જ છોરૂ ને આવાં દખનાં દિ ? ચોપડા કે લૂગડાં લેવા ઝંયેય નો મળે ? તે કલાકારનું મૂઆ પછી કોઈ હંભાળ લેનારું જ નઈ ?"

ગળે બાઝેલ ડૂમો બાલુબા ખાળી ન શક્યાં. સાહેબે તરત પાણી મગાવ્યું. જરા સ્વસ્થ થઈ બાલુબામા એ ફરી કહ્યું.

"હું એમ કઉં કે સરકાર ને હંધાય મા બાપ ક્યે છે તે ઈ કલાકારનાં અનાથ છોરુંની મા બાપ નો થાય ?"

"થાય થાય માં.....સરકાર બધાની માઈ બાપ કેવાય. આપ નિશ્ચિન્ત રહો. અમે કંઈક વ્યવસ્થા કરીએ છીએ. અરે મહારાજ ! બા માટે ચા લઈ આવો. અને એમની જમવાની વ્યવસ્થા અહીં જ કરજો. અને એમને જ્યાં જવાનું હોય ત્યાં ગાડીમાં મૂકી આવવાની પણ."

વળતે દિવસે ગુજરાત સરકારનાં મંત્રી મંડળ માં ચર્ચા થઇ. જે તે વખતે આ કામ સંભાળતા માહિતી ખાતાને જવાબદારી સોંપાઈ.

એ જ મહિને 'વૃદ્ધ નિરાધાર કલાકારો અને તેમના આશ્રિતો માટે સહાય યોજના' નાં શીર્ષક થી યોજના શરૂ થઇ. વાર્ષિક રૂપિયા બારસો. યાદ રહે એ ૧૯૬૬નાં બારસો રૂપિયા હતાં.

આમ સદાય પરગજુ રહેવાના સંસ્કારો હેમુભાઈને ધાવણમાં પાનારી એમની અભણ જનેતાએ કંઈક કલાકાર પરિવારોના કોઠા ઠરે એવું કામ કરી દેખાડ્યું.

ગુજરાત સરકારની આ યોજના હજુ પણ ચાલુ છે.

(પૂ. બાલુબામાં હેમુભાઈના ગયા પછી તેર વરસ બાદ હેમુભાઈના ચારેય સંતાનોને "ઘોડા વાળતાં" કરી તા.૨૯ માર્ચ, ૧૯૭૮ ના રોજ ટૂંકી માંદગી બાદ ધામમાં ગયાં )

**રાજેન્દ્ર હેમુ ગઢવી**

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–મુંબઈ

સંચાલિત

## શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય–નાલાસોપારા
## શ્રીમતી મંગળાબેન જશવંતલાલ શાહ જૈન ભુવન–નાલાસોપારા

☐ દિલીપભાઈ એ. શાહ

શ્રી સંઘના પ્રચંડ પુણ્યોદયે જ્ઞાનગચ્છ સંપ્રદાયના પ.પૂ. પ્રકાશમુનિ મ.સા. ના સુશિષ્યા પ.પૂ. રેણુકાશ્રીજી મ. આદિ ૪ સતીરત્નોના સાંનિધ્યમા જિનવાણી પ્રવચનધારા વાંચણી, આગમજ્ઞાન, તત્વજ્ઞાન, શિબિરો, ધર્મચર્ચાઓ દ્વારા ધર્મપ્રેમીભાઈ બહેનો ઉત્સાહભેર આરાધનાઓ તપ અનુષ્ઠાનો વિ. માત્ર કર્મનિર્જરાના લક્ષે કરી રહ્યા છે. પ.પૂ. રેણુકાશ્રીજી મ. જોશીલી વ્યાખ્યાન વાણીમાં ઉ. સૂત્ર ના સમ્યક પરાક્રમના ૭૩ બોલ ફરમાવી શ્રોતાજનોને ધર્મભાવમાં જોડી શાસન પ્રભાવના કરી રહ્યા છે. પ.પૂ. કરુણાશ્રીજી મ. વ્યાખ્યાન, તેમજ શિબિર દ્વારા પ્રશ્નોના સમાધાન આપી શાનથી સમૃદ્ધ બનવાની પ્રેરણા આપી રહ્યા છે.

પર્યુષણ પર્વ પછી પણ તપ આરાધનામાં શુભાકિત પંકજભાઈ જૈન તેમજ શ્રીમતિ અનિતાબેન પંકજભાઈ જૈને ૩૧ ઉપવાસ પ.પૂ. રેણુકાશ્રીજી મ.ના શાતાકારી પચ્ચખાણથી નિર્વિઘ્નપણે પૂર્ણ થયા છે. ચાર્તુમાસ પ્રારંભથી લઈને પ્રાય: કરીને અઠ્ઠાઈની સાંકળ ચાલુ રહેલ છે. આઠમ-પાણી પૌષધ-સંવર આદિ ધર્મ આરાધનામાં ખૂબ સારી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે.

સમતા મહિલા મંડળ બોરીવલી તરફથી ૨૧ પરિવારને રૂા. ૫૦૦ની કીટબેગ આપીને સાધર્મિક ભક્તિ કરવામાં આવેલ.

તા. ૨-૧૦-૨૧ના રોજ બ્રાહ્મી મહિલા મંડળ-વાશી તરફથી ૯૩ પરિવારને રૂા. ૨૦૦૦ની કીટબેગ તેમજ સાડી આપીને વાત્સલ્યપૂર્વક સાધર્મિક ભક્તિ કરવામાં આવેલ.

રાજેમાતા મહિલા મંડળ માટુંગા તરફથી રૂા. ૬૫૦/- ની કીટબેગ મીઠાઈ સાથે ૬૨ પરિવારને આપવામાં આવેલ. દર વરસે મંડળ સેવા પરમાર્થના કાર્ય કરી રહ્યા છે.

દિવાળી નિમિત્તે મીઠાઈ મૃદુલાબેન વસંતલાલ મહેતા હોલ ગ્રાંટરોડ તરફથી તેમજ ફરસાણ અને મિષ્ઠાન આશાબેન સાંચોરી અને પુષ્પાબેન કદમ હાલ મુંબઈ તરફથી ૬૦ સાધર્મિક પરિવારને આપવામાં આવેલ.

સ્વ. ચંપકભાઈ અજમેરાના સ્મરણાર્થે રૂા. ૧૦૦૦ ની કીટબેગ દિવાળીની જરૂરિયાતની વસ્તુઓ સાથે ૫૦ પરિવારને મૃદુલાબેન ચંપકભાઈ અજમેરા પરિવાર હાલ બોરીવલી તરફથી ધનતેરસના દિવસે આપવામાં આવેલ છે.

સાધર્મિક પરિવારની ભક્તિ કરવા બહારથી પધારેલ મંડળના બહેનોનો તેમજ દાતા પરિવારનો આભાર દિલીપભાઈ શાહે વ્યક્ત કરી ઉત્તરોત્તર સેવા, પરોપકાર, પરમાર્થના કાર્યો કરતા રહે એવી શુભભાવના ભાવી ધન્યવાદ પાઠવેલ.

શ્રી નંદલાલ તારાચંદ વોરા ઝાલાવાડી જૈન ઉપાશ્રય - નાલાસોપારા સહયોગી આધારસ્તંભ

૧) રૂા. ૫૦૦૦/- સુશીલાદેવી ચંદન - ચેન્નાઈ

૨) રૂા. ૪૦૦૦/- માટુંગા બહેનો તરફથી

❖❖❖

## ઝાલાવાડી સભાની ઓફિસ માટે નવિનીકરણના નામ અંગે...

### મુંબઈ સ્થિત ઓફિસ



બિલ્ડીંગના રિ–ડેવલપમેન્ટ પછી કાર્યરત થઈ ગઈ છે. ૮૦૦ ફૂટની આ ઑફિસ અત્યંત આધુનિક ઉપકરણોથી સજ્જ બનાવવાની છે. ઑફિસના નવિનીકરણના નામ માટે ટહેલ નાંખવામાં આવે છે જે દાતાને પોતાનું અથવા પરિવારજનનું નામથી જોડાવું હોય તેઓએ દાનની ઓફર, ટ્રસ્ટી અથવા મંત્રીઓને મોકલવા વિનંતી.

૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
ચીરાબજાર, મુંબઈ–૪૦૦ ૦૦૨.

# આપણો શબ્દવૈભવ

કાપડ : વસ્ત્ર, અશુંક,અંબર , વસન, પટ, ચીર, કરપટ, પરિધાન, લૂંગડુ, વાઘા

ઝાકળ : શબનબ, ઓસ, ઠાર, બરફ, હેમ, તુષાર

સફેદ : ધવલ, શુક્લ, શ્વેત, શુભ્ર, શુચિ, વિશદ, ઉજળું, ગૌર

વૃક્ષ : તરૂ, ઝાડ, પાદપ, તરુવર, દ્રુમ, દરખત

અંધારું : તમસ, વદ, તિમિર, તમિસ્ત્ર, ધ્વાંત, અંધકાર, કાલિમા

પુત્ર : નંદ, દીકરો, સુત, આત્મજ, વત્સ, તનય, તનુજ, બેટો, છોકરો

પુત્રી : દીકરી, સુતા, તનુજા, ગગી, છોકરી, બેટી, આત્મની, આત્મજા, દુહિતા, કન્યા, તનયા

ફૂલ : પુષ્પ, કુસુમ, ગુલ, સુમન, પસૂન, કુવ, કળી

ગંધ : વાસ, બાસ, સોડ, સોરમ, બદબૂ, બૂ, કુવાસ

સુગંધ : સુગંધી, સૌગંધ, સુવાસ, ફોરમ, સૌરભ, મહેક, ખુશબુ, પમરાટ, સોડમ, પરિમલ

છાત્ર : શિષ્ય,શિક્ષાર્થી,અભ્યાસી,વિદ્યાર્થી

પશુ : ઢોર,જાનવર,જનાવર,તૃણચર,ચોપગું

સિંહ : વનરાજ, કેશરી, પંચમુખ, પંચાનન, કેશી, કરભરી, હરિ, શેર, ત્રસિંગ, સાવજ, મૃગેન્દ્ર, મયંદ

શિક્ષક : ગુરુ, અધ્યાપક, શિક્ષણકાર, શિક્ષણશાસ્ત્રી, પ્રાધ્યાપક

વાઘ : વ્યાધ, શેર, શાર્દુલ, દ્વીપી

અશ્વ : ઘોડો, તોખાર, તેજી, ઘોટક, તુરંગ, હય, વાજી, રેવંત, સૈધવ

ગધેડો : ખર, ગર્દભ, ગર્ધવ, ખોલકો, વૈશાખનંદન

ઉજાણી : જાફાત, જિયાફત, મિજબની, જમણ, મિજસલ, મેળાવડો, ઉત્સવ, ઉજવણી, સભા, સંમેલન

દુઃખ : આર્ત, પીડિત, વિષાદ, વેદના, પીડા, દર્દ, ઉતાપો, વ્યાધિ, વ્યથા, લાય, બળતરા, કષ્ટ, તકલીફ, અજીયત, આપત્તિ, વિપત્તિ શૂળ, આપદા, મોકાણ,

કનક : સોનું, હેમ, સુવર્ણ, હિરણ્ય, કંચન, કુંદન, કજાર, જાંબુનદ, હાટક,

ભારતી : સરસ્વતી, શારદા, ગિરા, શ્રી, રાગેશ્વરી, વાણી, મયુરવાહીની, વીણાધારિણી, હંસવાહની, હંસવાહિણી, વાગીશા, વાગીશ્વરી, વાગ્દેવી

કોમળ : મુલાયમ, મૃદુ, કોમલ, મંજુલ, સુકુમાર, નાજુક, ઋજુ, મૃદુતા,

કોતર : ખીણ, કરાડ, ભેખડ, બોડ, ગુફા, બખોલ, કુહર, ખોભણી, ગહવર, ગુહા, ઘેવર

સાપ : સર્પ, ભૂજંગ, નાગ, અહિ, વ્યાલ, ભોરીંગ, પન્નગ, કાકોદર, ફણધર, ઉરગ, વિષધર, ભોમરંગ, આશીવિષ, અર્કણ, ચક્ષુઃશ્રવા, કાકોલ,

હાથી : ગજ, દ્વીપ, કુંજર, વારણ, ગજાનન, હરિત, દ્વિરદ, માતંગ, સિંધુર, મતરંજ, કરિણી, ઐરાવત, કુરંગ, હસ્તી, મેગળ,

મહેશ : મહાદેવ, આશુતોષ, ઉમાપતિ, નીલકંઠ, રુદ્ર, શંકર, શિવ, ધૂર્જટી, ઉમેશ, શંભુ, ચંદ્રમૌલી, યોગેશ, નીલકંઠ, ત્રિલોચન, ચંદ્રાગદ, શર્વ, ભોળાનાથ

હાથણી : કરિણી, કરભી, માતંગી, હસ્તિની, વારણી

વાનર : વાંદરો, કપિ, હરિ, શાખામૃગ, મર્કટ, લંગૂર, કપિરાજ, કાલંદી, હનુમાન, બાહુક, બજરંગબલી, પવનપુત્ર, પ્લવંગ, હરિ, વલીમુખ

મૃગ : હરણ, કુરંગ, સાબર, રુરુ, કૃષ્ણસાર, કાળિયાર, સારંગ, છીંકારવું

મૃગલી : મૃગી, હરણી, હરિણી, કુરંગણી, કુરંગી

મોર : મયૂર, કલાપી, શિખંડી, શિખી, ધનરવ, કલાકર, નીલકંઠ, શકુંત, કેકાવલ, કલાપી, ઢેલ

શરીર : દેહ, કાયા, ઘટ, ખોળિયું, તન, તનુ, બદન, ડિલ, પંડ, પિંડ, કલેવર, ધાત્ર, બદન, જીસ્મ

ભંડાર : કોશ, ખજાનો, કોઠાર, વખાર, ગોડાઉન

નરાધમ : નીચ, અધમ, કજાત, કપાતર, હરામી, નજિસ, નઠારું, નફફટ, ક્રૂર, નૃશંસનબત્તર

બુદ્ધિ : પ્રજ્ઞા, ચેતના, મતિ,અક્કલ, મેઘા, તેજ, મનીષ, સમજ, મતિ, ડહાપણ, દક્ષતા, મનીષા, જ્ઞાન

દુનિયા : સંસાર, જગત, આલમ, જહાં, વિશ્વ, ભુવન, ખલફત, મેદિની

બાળક : શિશુ, અર્ભક, શાવક,બચ્ચું, બાલ, સંતતિ, છોકરું, સંતાન, દારક, વત્સ

સરોવર : સર, કાસાર, તળાવ, જળાશય, સ્ત્રોવર, મહાકાંસાર, ખાબોચિયું, તડાગ, દિર્ઘીકા, નવાણ, પલ્લવ, છીલર, જલાશય, પોખર પણઘટ, તડાગ

અનલ : આગ, આતશ, ક્રોધ, પાવક, જાતવેદ, દેવતા, તણખો, નાચિકેત, વહની, વિશ્વાનર, દેતવા, ચિનગારી, જવલન, અગ્નિ, દેવતા, પાવક, આતશ, અંગાર

જાતવેદ : જાતવેદા, નચિકેતા, પલેવણ, પવમાન જ્વાલામાલી, વહિન

પડદો : આવરણ, પટંતર, આડ, ઓજલ, પડળ, જવનિકા, ઓથું, આંતરો, આચ્છાદન

ચહેરો : મુખ, વદન, શકલ, મુખારવિંદ, દીદાર, મુખમુદ્રા, ચાંડુ, સ્વરૂપ, આનંદ, વકત્ર, સૂરત, સિકલ, આનન, મોઢું, તુંડ

મસ્તક : મસ્તિક, મસ્તિષ્ક, માથું, શિર, શીર્ષ, સિર.

મગજ : ભેજું, દિમાગ, દિમાક

કપાળ : લલાટ, ભાલ, નિલવટ, લિલવટ

વાળ : બાલ, કેશ, રોમ, નિમાળો, તનુરુહ

નાક : નાસિકા, ઘાણેન્દ્રિય, નાસા, નાખોરું

*(વધુ આવતા અંકે...)*

# સુવર્ણમૃગ પાછળની દોટ

**સુશ્રી અનામિકા**
**અનુ : ભવાનીદાસ જા. વોરા**



''વર્કિંગ વિમેન્સ હૉસ્ટેલ'' શહેરથી થોડે દૂર આવેલી એક સુંદર ઈમારત હતી. ૨૧થી ૩૫ વર્ષની ઉંમરની યુવતી-મહિલાઓ જેઓ શહેરમાં નોકરી કરતી હોય પણ અહીં પોતાનાં કોઈ સગાં-સંબંધી ન હોવાથી રહેવાની સગવડ ન ધરાવતી હોય તેમને આ હૉસ્ટેલમાં નિવાસ તથા જમવાની સગવડ પૈસા ભરવાથી મળી રહેતી. આવી યુવતીઓમાં અપરિણીત, ડાયવોર્સી અથવા એકાકી જીવન પસંદ કરનારી મહિલાઓનો સમાવેશ થતો હતો.

દરેક હૉસ્ટેલની જેમ આ હૉસ્ટેલમાં પણ કેટલાક નિયમો હતા. પરંતુ તેનું સખતાઈથી પાલન થતું નહીં, કારણ કે આ બધી યુવતીઓ નોકરી કરતી હોવાથી આર્થિક રીતે આત્મનિર્ભર હતી. હૉસ્ટેલનો મેઈન-ગેટ રાતના સાડાનવ વાગ્યે બંધ કરવાનો હુકમ હતો પણ મોટે ભાગે આ ગેટ અગિયાર વાગ્યા સુધી ખુલ્લો રહેતો. હૉસ્ટેલ-વોર્ડન મિસિસ સભરવાલ સાજીમાંદી રહેતી હોવાથી હૉસ્ટેલની વ્યવસ્થા પર પૂરું ધ્યાન આપી શકતી નહિ. દિવસ દરમ્યાન હૉસ્ટેલ સાવ શાંત અને સૂમસામ રહેતી, કારણ કે બધી યુવતીઓ દિવસે પોતપોતાની નોકરી પર ચાલી જતી.

આવી આ હૉસ્ટેલમાં એક દિવસ એક નવી યુવતીનું આગમન થયું. તેનું નામ હતું - કમલા એક્કા. દૂબળી-પાતળી અને ભીનેવાન કમલા બિહારના આદિવાસી વિસ્તારની યુવતી હતી. તેને જોઈ કેટલીક યુવતીઓએ વ્યંગમાં મોઢું મરડી એકબીજા સામે જોયું. પોતાને વધારે 'એડવાન્સ્ડ' સમજનારી એક યુવતીએ કટાક્ષમાં કહ્યું - ''હજુ સુધી તો અહીં સ્માર્ટ અને સુંદર યુવતીઓ જ આવતી હતી. હવે જો આવા 'સેમ્પલ' હૉસ્ટેલમાં આવવા લાગશે તો હૉસ્ટેલની રેપ્યુટેશન સાવ ખાડે જશે.'' કમલાએ આ બધું સાંભળ્યું છતાં તે ચૂપ રહી. તે કરે પણ શું ? ભગવાને તેને આવી સૂરત અને રંગ આપ્યો તેમાં તેનો શું દોષ ? એક કંઈ થોડું તેના હાથમાં હતું ? તો પણ એક-બે ગંભીર પ્રકૃતિ ધરાવતી મહિલાએ તેને પૂછ્યું ત્યારે તેણે કંઈ પણ છુપાવ્યા વગર કહ્યું કે તેનું 'બેગ્રાઉન્ડ' સાવ સામાન્ય છે. તેનાં માતા-પિતા ખેત-મજૂર છે. તે આદિવાસી વિસ્તારની છે અને ઘણી વિકટ પરિસ્થિતિમાં ભણીને તે ગ્રેજ્યુએટ થઈ અને હવે તેને આ શહેરમાં રેલવે-ક્લાર્કની નોકરી મળી છે.

વિચિત્ર સંજોગ એ થયો કે જે યુવતીએ તેની સૌથી વધારે મજાક ઉડાવી હતી તે જ યુવતીનાં રૂમ-પાર્ટનર તરીકે કમલાને રાખવામાં આવી. એ યુવતીનું નામ હતું નંદિતા દિવાકર. નંદિતા ખૂબ જ સુંદર અને સ્માર્ટ હતી. લેટેસ્ટ ફેશનનાં કપડાં પહેરવાં, ફિલ્મો જોવી, હરવું-ફરવું, ડિસ્કો ડાન્સ કરવો અને આખા મહિનાનો પગાર આવા શોખ, કપડાં અને સાહેલીઓ પાછળ ખરચી નાખવો તે જ તેના જીવનનું લક્ષ્ય હતું. સ્ત્રી-મિત્રો કરતાં તેને પુરુષ-મિત્રો વધારે હતા.

જ્યારે તેને ખબર પડી કે કમલા તેની રૂમ-પાર્ટનર તરીકે આવે છે ત્યારે તે ગુસ્સાથી લાલચોળ થઈ ગઈ. તેણે હૉસ્ટેલ-વોર્ડનને જઈ ક્હયું કે કમલાને કોઈ અન્ય રૂમમાં મૂકવામાં આવે, પણ વોર્ડને પોતાનો નિર્ણય બદલવાની ના પાડી દીધી. આમ પણ નંદિતા માટે વોર્ડનને ખાસ કોઈ માન ન હતું.

કમલા તેના રૂમમાં આવી ત્યારે તેને જોઈ નંદિતાએ જાણે એવું મોં બગાડ્યું કે તેને ઊલટી થઈ જશે. કમલાએ તેને 'વિશ' કર્યું પણ નંદિતાએ તેનો કંઈ પ્રતિભાવ ન આપ્યો. કમલાએ ખૂબ નમ્રતાથી કહ્યું - ''દીદી, હું તમારી રૂમ-મેટ તરીકે આવી તેથી તમે નારાજ છો ? કહો તેમાં મારો શો વાંક? મને આ રૂમમાં જવાનું કહેવામાં આવ્યું એટલે હું આવી છું. હું જાણું છું કે હું તમારા 'લેવલ'ની નથી. મારું ફેમિલી બેક-ગ્રાઉન્ડ સાવ સામાન્ય છે. હું આદિવાસી યુવતી છું, પણ તમને ખાતરી આપું છું કે મારા રહેવાથી તમને કોઈ અસુવિધા નહીં થાય''. નંદિતાએ ઘૂરકીને કહ્યું- ''ઠીક છે, ઠીક છે. વધારે કંઈ બોલવાની જરૂર નથી અને સાંભળી લે કે મારી કોઈ પણ ચીજને હાથ લગાડવાનો નથી. મારાં કપડાં, રૂપિયા અને કોસ્મેટિક્સ બહાર જ પડ્યાં હોય છે. તેને જો હાથ લગાડ્યો તો તારી ખેર નથી!''

કમલાને નંદિતાના શબ્દો સાંભળી દુઃખ તો થયું, પણ તેણે વિનમ્રતાથી કહ્યું – ''દીદી, તમે નિશ્ચિંત રહેજો. મારાથી તમને કોઈ તકલીફ નહિ થાય. મને કપડાં-ઘરેણાંનો કોઈ મોહ નથી. હું તો જીવનમાં સાદાઈ પસંદ કરું છું. મારું ધ્યેય છે તે હજુ વધારે ભણવું અને આઈ.એ.એસ.ની પરીક્ષા આપવી.'' નંદિતાએ વ્યંગમાં કહ્યું - ''તો તારે આઈ.એ.એસ. થવું છે ? પણ એ કંઈ બાળકના ખેલ નથી. ભલભલા હોશિયાર ઉમેદવારો તેમાં 'ફેલ' થાય છે તો તું શું પાસ થવાની ? ગનીમત સમજ કે તને ક્લાર્કની પણ નોકરી મળી છે, તેમાં જ સંતોષ માની લે.'' એ તો ખરું દીદી, પણ પ્રયત્ન કરવામાં તો કંઈ ખોટું નથી. હું ટેબલ-લૅમ્પના પ્રકાશમાં વાંચીશ જેથી તમને કોઈ તકલીફ ન પડે. જોઈએ તો તમારી સાંજની ચા હું બનાવી આપીશ.'' ''નો, થેન્ક્સ્, હું ચા પીતી નથી, ફક્ત કોલ્ડડ્રિંક્સ અને જ્યૂસ જ પીઉં છું,'' નંદિતાએ કહ્યું.

ગમે તેમ પણ નંદિતાને કમલા સાથે એ રૂમમાં 'એડજસ્ટ' થવું જ પડ્યું. બંને યુવતીઓની રહેણીકરણી અને તેમના વિચારોમાં આસમાન-જમીનનું અંતર હતું. નંદિતા ઉન્મુક્ત વિચારો ધરાવતી આધુનિક યુવતી હતી. નવી ફેશનનાં કપડાં, નીતનવા દાગીના, કોસ્મેટિક્સ, મોંઘાં સેન્ટ્સ વગેરેને તે આધુનિક જીવનનું અંગ સમજતી હતી. ત્યારે કમલા સાદી, મિતભાષી, ધર્મ અને ઈશ્વરમાં આસ્થા રાખનારી વિનમ્ર, અધ્યયનશીલ યુવતી હતી. તેની પાસે કોઈ કીમતી કપડાં ન હતાં, ન હતા કોઈ પુરુષમિત્ર. રજાને દિવસે તે બજારમાં જઈ પોતાની જરૂરી વસ્તુઓ ખરીદી લાવતી, પોતાનાં કપડાં પોતે જ ધોઈ નાખતી અને ઈસ્ત્રી કરતી. ક્વચિત અન્ય સાહેલીઓ અને માતાને તે પત્ર લખતી.

દોઢ-બે-મહિના પછી નંદિતા કમલા પ્રત્યે એટલી કઠોર રહી ન શકી. તો પણ તે કમલા સાથે ઓછું બોલતી. છતાં કમલા નંદિતાની નાનીમોટી જરૂરિયાતોનો ખ્યાલ રાખતી. તેના હાથે બનાવેલી ચા હવે નંદિતાને ગમવા લાગી. કોઈ કોઈ વાર સાંજના તે નોકરી પરથી થાકીને આવતી ત્યારે કમલાને ચા બનાવી આપવાનો તે આગ્રહ કરતી.

એકવાર નંદિતા રાતના સાડાઅગિયાર વાગ્યે હૉસ્ટેલમાં આવી. હૉસ્ટેલ સાવ શાંત હતી. અન્ય યુવતીઓ સૂઈ ગઈ હતી. ફક્ત કમલા તેના અભ્યાસનું વાંચતી હતી. નંદિતા કંઈ જમી નહોતી. તેને ખૂબ ભૂખ લાગી હતી. હૉસ્ટેલનું કિચન બંધ થઈ ગયું હતું. ''કમલા, મને બહુ મોડું થઈ ગયું. હું મિ. ઘોષાલ સાથે ફિલ્મ જોવા ગઈ હતી. શો અગિયાર વાગ્યે પૂરો થયો ત્યારે બધી હોટેલો બંધ થઈ હતી. મને બહુ ભૂખ લાગી છે અને ખૂબ થાકી ગઈ છું.'' કમલા નંદિતાના હાલહવાલ જોઈ હસી પડી. અને બોલી - ''એની વ્યવસ્થા મેં પહેલેથી કરી રાખી છે, દીદી! હું નવ વાગ્યે કિચનમાં ગઈ હતી અને રસોઈયાને વિનંતી કરી તમારી જમવાની થાળી રૂમમાં લઈ આવી છું. તમે કપડાં ચેન્જ કરો ત્યાં સુધીમાં હું હીટર પર ખાવાનું ગરમ કરી દઉં છું.''



નંદિતા તો આ સાંભળી અવાક્ થઈ કમલા સામે જોતી જ રહી. તેણે આ દૂબળી-પાતળી અને શ્યામ છોકરીને કેટલી સામાન્ય માની હતી ? પણ તે કેટલી સહૃદયી છે ? કેટલી આત્મીયતા ભરી છે તેનામાં ? નહિ તો આ હૉસ્ટેલમાં કોને કોની પડી છે ? આજ સુધીમાં આ હૉસ્ટેલમાં તેના પ્રત્યે આટલી આત્મીયતા કોઈએ દેખાડી નથી. સૌને પોતપોતાનો સ્વાર્થ છે પણ આ છોકરી તો નિઃસ્વાર્થભાવે મારો ખ્યાલ રાખે છે. મેં તેને કેટલીય વાર સારું ખોટું કહ્યું છે પણ તેણે કદી તેનું માઠું લગાડ્યું નથી. આજે પહેલી વાર નંદિતાએ કમલા પ્રતિ ખૂબ સ્નેહ દેખાડ્યો, તેની સાથે ખૂબ વાતો કરી. તેના કુટુંબ વિશે સવાલો પૂછ્યા. એક દિવસ ખૂબ આગ્રહ કરી નંદિતા કમલાને કૉફી-હાઉસમાં લઈ ગઈ. કમલાને તો જવાનું જરા પણ મન ન હતું, પરંતુ નંદિતાના આગ્રહ સામે તેનું કંઈ ન ચાલ્યું.

સાંજનો સમય હતો. બંને ચાલતાં ચાલતાં, વાતો કરતાં કૉફી-હાઉસ તરફ જતાં હતા. કમલા કંઈ નંદિતાની ખાસ સહેલી ન હતી. તેની અન્ય ફ્રેન્ડસ ભાવના, રેખા, સીમા વગેરે ઉચ્ચ પગારની નોકરીઓ કરતી હતી, પણ હવે નંદિતાના મનમાં કમલા પ્રત્યે થોડો સ્નેહ-આદર જાગ્યો હતો. તેના મનની કમલા પ્રત્યેની ઘૃણા દૂર થઈ ગઈ હતી. કૉફીનો સિપ લેતાં એકાએક નંદિતાએ કહ્યું - ''કમલા, ભલે તારો વાન ગોરો ન હોય, પણ તારા વ્યક્તિત્વમાં, વિશેષ કરીને તારા ફીચર્સ અને તારી આંખોમાં એક અનોખાપણું છે. તું શા માટે થોડો મેક-અપ કરતી નથી ? મેક-અપ બાદ તારું સૌંદર્ય ખૂબ નીખરશે !'' કમલાએ હસીને કહ્યું - ''દીદી, મેક-અપ કરીને મારે શું કરવું છે ? હું તો ગ્રામીણ વિસ્તારની યુવતી છું. જેવી છું તેવી સારી છું અને આ મેક-અપ વગેરે કરવાનો મારી પાસે સમય પણ કયાં છે ?''

''કમલા, હું જાણું છું કે તું ખૂબ મહત્ત્વાકાંક્ષી છો અને તેમાં કંઈ ખોટું પણ નથી, પણ વિચાર કર કે આઈ.એ.એસ. થવાની તારી એમ્બિશન કદાચ પાર ન પડે તો તું ભાંગી નહિ પડે ? એટલે કહું છું કે તારા વ્યક્તિત્વને તું આ રીતે પણ નવો ઓપ આપ જે તને ભાંગી પડતાં બચાવે અને ભવિષ્યમાં અન્ય રીતે કામ લાગે.'' કમલાને નંદિતાના એમ્બિશન અને વ્યક્તિત્વ ડેવલપ કરવાના સમીકરણ વિશે સાંભળી થોડું હસવું આવ્યું, પણ તેણે સ્વયં પર નિયંત્રણ રાખી કહ્યું - ''દીદી, હું ભાંગી નહિ પડું તેટલું ચોક્કસ જાણું છું. કદાચ હું મારી મહત્ત્વાકાંક્ષામાં સફળ ન પણ થાઉં તો પણ મારા એ માટેના પ્રયત્ન કરવામાં જરા પણ કચાશ નહીં છોડું.''

ત્યારે જ તેની નજર તેમના ટેબલ તરફ આવતા એક યુવાન પર પડી જેણે કીમતી સૂટ પહેર્યો હતો. તે નંદિતાને ઓળખતો હોવો જોઈએ, કારણ કે તેને જોતાં જ નંદિતા બોલી ઊઠી - ''અરે, ઘોષાલ ! હાઉ નાઈસ ઑફ યુ ! તને અહીં આવેલો જોઈ મજા આવી ગઈ. મીટ માય ફ્રેન્ડ કમલા, એન્ડ કમલા, આ ઘોષાલ છે, મારો મિત્ર, જેને વિશે મેં તને કહ્યું છે.'' ઘોષાલ હાથ લંબાવે તે પહેલાં કમલાએ બે હાથ જોડી તેને 'નમસ્તે' કહ્યું. ત્યારે શરાબની એક તીવ્ર વાસ કમલાના નાકમાં ઘૂસી ગઈ. ઘોષાલ કંઈ કહે તે પહેલાં કમલા બોલી – ''અચ્છા, તો નંદિતા દીદી, હું જાઉં છું. મારે હજુ ઘણું વાંચવાનું છે.'' ''ઠીક છે કમલા, હવે ઘોષાલ કંપની આપવા આવી ગયા છે એટલે હું તને આગ્રહ નહિ કરું... મારે તેની સાથે ડિનર લેવું જ પડશે.''

કમલા કૉફી-હાઉસમાંથી બહાર નીકળી ત્યારે તેને લાગ્યું કે તે હવે સ્વચ્છ હવામાં શ્વાસ લઈ રહી છે. તેની દૃષ્ટિમાં ઘોષાલ કોઈ સારો માણસ લાગ્યો નહીં. એ દિવસે નંદિતા મોડી રાતે હૉસ્ટેલમાં પાછી ફરી ત્યારે તેના પગ લથડતા હતા. કમલા સમજી ગઈ કે નંદિતાએ શરાબ પીધો છે અને તે નશામાં છે. તે બહુ દુઃખ સાથે બોલી- ''નંદિતા દીદી, તમે આવી દશામાં ? તમે શરાબ પીધો છે ?'' નંદિતા ઝંખવાઈ ગઈ - ''ઘોષાલે મને બહુ આગ્રહ કર્યો એટલે મારે થોડોક લેવો પડ્યો... સૉરી કમલા.'' કમલાને વધુ કંઈ કહેવાનું યોગ્ય ન લાગ્યું. નંદિતાને આવી સ્થિતિમાં જોઈ તે વિચલિત થઈ ગઈ હતી. બંને પોતપોતાના પલંગમાં થોડી વારમાં સૂઈ ગયાં.

સવારના નાસ્તો કરતાં કમલાએ નંદિતાને કહ્યું- ''દીદી! તમને ખોટું ન લાગે તો એક વાત કહું ? દીદી, તમારી પાસે બધું છે, આ રૂપ, યૌવન, સારું એજ્યુકેશન અને મોટી કંપનીમાં સારા પગારની નોકરી! તો પછી આમ ભટકવાનો શો અર્થ ? આખરે તમારે જીવનમાંથી શું મેળવવું છે ? તમે ચાહો તો તમને સારો જીવનસાથી પણ મળી શકે છે.'' નંદિતાએ આ સાંભળ્યું, થોડી વાર વિચાર કરી તે બોલી- ''કમલા, કદાચ હું જિંદગીના એવા વળાંક પર આવીને ઊભી છું, જ્યાંથી પાછા વળવાનું મારા માટે મુશ્કેલ છે. મારી ઝંખના છે એક એવા સહારાની જે મને બધું આપી શકે- કાર, બંગલો, બેંક-બેલેન્સ અને હાઈ સોસાયટીનું સન્માન જેના વગર જીવન નીરસ હોય છે.'' ''પરંતુ દીદી, આપણા દેશની કરોડો સ્ત્રીઓને શું આ બધું મળે જ છે ? અને બીજું એ કે આ બધું એક સ્ત્રી માટે શું જરૂરી જ છે ? પ્યાર કરતો પતિ, ઘરની બધી સામાન્ય સગવડો પૂરી કરવા જેટલું કમાતો પુરુષ શું મધ્યમવર્ગી કુટુંબોમાં સુખ, સંતોષ અને આનંદમય જીવન નથી લાવી શકતો ? સમજુ પત્ની તેને બધી રીતે સહકાર આપી જીવન સુખરૂપ બનાવી શકે છે.'' નંદિતાએ તેના પર કટાક્ષ કરતાં કહ્યું - ''જેમ કે તને તારા બુદ્ધિકૌશલ પર ભરોસો છે કે તું આટલું જ મેળવી બહુ સુખી થઈ જઈશ ?''

કમલાને તેની અધકચરી વાત સાંભળી આશ્ચર્ય થયું, તે નંદિતાને કેમ સમજાવે કે આ રૂપ-યૌવન સ્થાયી રહેતું નથી અને એવા કેટલા પુરુષ સમાજમાં હોય છે જે રૂપનું આજે અને દરેક સમયે ઉચિત સન્માન કરવાનું સમજતા હોય છે ? મોટા ભાગના પુરુષોમાં તો રૂપ-યૌવનનું શારીરિક આકર્ષણ જ હોય છે. માનસિક ઓછું, પણ કદાચ નંદિતા અત્યારે એવા ઉન્માદમાં જીવી રહી છે જ્યારે આ બધું તેની સમજની બહાર હતું. છતાં પણ તે એટલું કહેતાં તો ન જ ચૂકી- ''નંદિતા દીદી, નાના મોઢે મોટી વાત કરું છું કે આ ઘોષાલબાબુ મને માણસ તરીકે સારા લાગતા નથી. બની શકે તો...!''

''શું કહે છે, કમલા ? હું તેને જેટલો જાણું છું તે બીજું કોઈ શું જાણવાનું ? હી ઈઝ ગ્રેટ... હી વૉન્ટ્સ ટુ મેરી મી! એ તો મારી પાછળ પાગલ છે. એબ્સોલ્યુટલી મૅડ એન્ડ લવિંગ ઓલ્સો !'' કમલાએ કહ્યું- ''જો એમ જ હોય તો તો ઘણું સારું, દીદી'' અને આ વાત ત્યાં જ પૂરી થઈ ગઈ. ચાર મહિના પછી કમલાની બીજા રેલવે-મથકમાં બદલી થઈ અને તે કાનપુરમાં આવી ગઈ. નંદિતા સાથે તેનો સંપર્ક તૂટી ગયો. વિદાય લેતી વખતે નંદિતાએ તેને કહ્યું હતું. ''કમલા, ઘોષાલ સાથે મારાં લગ્ન કદાચ આવતા વર્ષે થશે. હું તને મેરેજ-કાર્ડ મોકલીશ, તું લગ્નમાં જરૂર આવજે.''

■■■

અને પૂરાં પંદર વર્ષ બાદ નંદિતા કમલા સમક્ષ ઊભી હતી. કમલા અત્યારે ડિસ્ટ્રિક્ટ કલેક્ટરના પદ પર કાર્યરત હતી. કમલા પર દૃષ્ટિ પડતાં જ નંદિતાનો કૃશકાય દેહ સૂકા પાંદડાની જેમ ધ્રૂજવા લાગ્યો. એ દેહ જે એક દિવસ રૂપ-લાવણ્ય અને યૌવનનો જીવતોજાગતો નમૂનો હતો, તે આજે એક ધ્વસ્ત ઈમારત સમ બની ગયો હતો. સમયના હસ્તાક્ષરે એ રૂપમય જુવાન ચહેરા પર અનેક કરચલીઓ પાડી દીધી હતી. નંદિતા કમલાને જોઈ અવાચક્ થઈ ગઈ હતી. કદાચ તેને વિશ્વાસ બેસતો ન હતો કે તેની જૂની હૉસ્ટેલ પાર્ટનર કમલા જ ડિસ્ટ્રિક્ટ કલેક્ટર હોઈ શકે ! ઓર્ડરલીએ નંદિતાના હાથમાંથી યાચિકા-પત્ર લઈ કલેક્ટર સાહિબા સામે મૂકી દીધો. એક ચોળાયેલા કાગળ પર પાંચ-છ લીટીઓ લખવામાં આવી હતી- ''જમાનાએ ઠુકરાવેલી એક દુઃખી, અસહાય સ્ત્રી છું... કંઈ સહાયની રકમ મંજૂર કરી આપશો તો જીવનભર આપની આભારી રહીશ...''

કમલાના મન સમક્ષ ઊભરી આવી એ છબી- પંદર વર્ષ પહેલાંની; એ અહંકાર-અભિમાન ભરેલી રૂપયૌવનાની જેણે પહેલે દિવસે 'વિમેન્સ હૉસ્ટેલ'માં કમલાને જોઈ મોઢું બગાડ્યું હતું અને તેને સામાન્ય કક્ષાની આદિવાસી પ્રદેશની યુવતી કહી તિરસ્કૃત કરી હતી અને કટાક્ષ ભર્યું હાસ્ય કર્યું હતું.

કમલાની આંખમાં આંસુ આવી ગયાં. તેણે પૂછ્યું - ''આ બધું કેમ બન્યું, નંદિતા દીદી ? તમારી એમ્બિશન, એ સ્વપ્નો... અને ઘોષાલબાબુ... ?'' એક થાકેલો તૂટેલો અવાજ નીકળ્યો... ''એ બધું જૂઠું હતું...એક ફરેબ હતો... સાચું કહું તો કમલા...સોરી! કલેક્ટર સાહિબા...'' કમલાએ તેને વચ્ચેથી જ ટોકી- ''ના, નંદિતા દીદી, મને કમલા જ કહો. મને કમલા કહીને બોલાવનારાં મારાં માતા-પિતા સિવાય હવે કોઈ નથી.''

નંદિતાને સારું લાગ્યું. તેણે આગળ કહ્યું– ''હું તારી મહત્ત્વાકાંક્ષા પર હસતી હતી. તેની મજાક ઉડાવતી હતી. બીજાને કહેતી હતી કે આ આદિવાસી છોકરી દસ જનમમાં પણ આઈ.એ.એસ. ઑફિસર નહિ બની શકે, પણ તારી મહેનત સાર્થક થઈ, કારણ કે તું એક લક્ષ્ય માટે સમર્પિત હતી. હું રૂપ અને યૌવનના ઘમંડમાં ચકચૂર, વહેતી હવાને મારી મુઠ્ઠીમાં કેદ કરવા ચાહતી હતી. કાર, બંગલો, અઢળક ધન, નોકર-ચાકર વગેરેના સુવર્ણમૃગ પાછળ મેં દોટ મૂકવાનું નક્કી કર્યું હતું. સુવર્ણમૃગ પાછળની એ દોટ એક છલના હતી તે મને ત્યારે સમજાયું ન હતું. વર્ષો સુધી ઘોષાલે મને લગ્નનાં ખોટાં પ્રોમિસ આપ્યા કર્યાં અને મારું શારીરિક શોષણ કરતો રહ્યો...અને પછી એક

દિવસ મને છોડીને ચાલી ગયો. ત્યાં સુધીમાં હું ભાંગી પડી હતી. પછી શરૂ થઈ એક લાંબી બીમારીની કથા...અને હવે કંઈ બાકી રહ્યું નથી...આજે હું છું નંદિતા, એકલી, અસહાય, બીમાર, છેતરાયેલી એક ભારતીય નારી....''

કમલાની આંખો આ સાંભળી ભીની થઈ ગઈ. તેણે ભરાયેલા અવાજે કહ્યું- ''ના નંદિતા દીદી, તમે એકલાં, અસહાય નથી, તમે મારી સાથે રહો. વિચારું છું કે તમારે માટે ક્યાંક વ્યવસ્થા કરી શકીશ.'' નંદિતા જાણે ગભરાઈ ગઈ હોય તેમ બોલી- ''ના, ના, કમલા ! મને કોઈ નાની-મોટી નોકરી અપાવી દે એટલે બસ ! આવા મોટા હોદ્દા પર બેસેલી સ્ત્રી સાથે રહેવાની મારી લાયકાત નથી. અરજી-પત્રમાં મારું એડ્રેસ લખ્યું છે, ત્યાં જણાવી દેજે. તારી સમક્ષ વધારે સમય ઊભા રહેવાની મારી હિંમત નથી અને યોગ્યતા પણ નથી.''

આટલું કહી તે ઝડપથી ચેમ્બરની બહાર નીકળી ગઈ. કમલા તેને સાદ પાડતી રહી પણ નંદિતા રોકાઈ નહિ અને રોકાય પણ શા માટે ? તેનું બધું જ લૂંટાઈ ગયા પછી તેની પાસે શું બચ્યું હતું ? કદાચ અગણિત અનુત્તરિત પ્રશ્નો જેનો કોઈ જવાબ આપી શકે તેમ ન હતું !

❖❖❖

## શ્રી મહાવીર ચૅરિટેબલ ટ્રસ્ટ અમદાવાદના પ્રમુખશ્રી હસમુખભાઈ જાદવજીનો સન્માન સમારોહ



જૈન સમાજના ઉત્થાન માટે અવિરતપણે કાર્યરત રહેલા મહાવીર ચૅરિટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી હસમુખભાઈ જાદવજી શાહના સેવાનિવૃત્તિ પ્રસંગે ભાવસભર વિદાય સમારંભ યોજાયો હતો.

અત્યંત તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી ધરાવતા B.E. Civil Eng. તરીકે ગુજરાત યુનિવર્સિટીમાં ચતુર્થ નંબરે ઝળકેલા ને આપબળે ઉદ્યોગમાં આગળ વધેલા શ્રી હસમુખભાઈએ નારણપુરા યુવક મંડળની સ્થાપના કરી ૧૨ વર્ષ પર્યન્ત તેના પ્રમુખપદે રહ્યા. નારણપુરા જૈન સંઘના પ્રમુખ તથા ટ્રસ્ટી જૈન સોશ્યલ ગ્રુપના પણ પ્રમુખ તથા ટ્રસ્ટી, નગરશેઠના વંડાના પણ પ્રમુખપદે રહીને સતત જૈન સમાજની અણથક સેવા કરતા હસમુખભાઈએ ૨૦૦૧ના ધરતીકંપ વખતે ભૂકંપપીડિતોને સહાય કરવા સહુનો સાથ લઈ મહાવીર ચૅરિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી - મંત્રી-ઉપપ્રમુખને પ્રમુખ તરીકે ૨૦ વર્ષથી અત્યંત સફળ કાર્યો કરનારા, વિદ્યાદાન-મહાદાન -થકી જૈન સમાજના વિદ્યાર્થીઓ માટે કરોડોનું ભંડોળ જમા કરવાનો પ્રયત્ન પુરુષાર્થ કરનાર હસમુખભાઈએ તબિયતની નાદુરસ્તીને કારણે નિવૃત્તિ લેવાનું વિચાર્યું.

અમદાવાદની સામાજિક અને ધાર્મિક અનેક સંસ્થાઓમાં જેમનું અપૂર્વ યોગદાન રહ્યું છે તેમને વિદાય આપવા એક પારિવારિક મિટિંગ યોજાઈ. મહાવીર ચૅરિટેબલ ટ્રસ્ટના નવનિયુક્ત પ્રમુખ શ્રી જયંતીભાઈ પટેલ તથા કારોબારી સમિતિના સભ્યોએ તેમની સરળતા - પ્રામાણિકતા, નિષ્ઠા અને આદર્શોની સરાહના કરી તેમનું અભિવાદન કર્યું હતું. તેમના માર્ગદર્શન અને આશીર્વાદની ઝંખના સાથે ભાવભરી વિદાય આપી હતી.

મહાવીર ચૅરિટેબલ ટ્રસ્ટ - આ સંસ્થા થકી પરદેશ જતા વિદ્યાર્થીઓને ૪ થી ૭ લાખ રૂા. તથા ભારતમાં ભણતા વિદ્યાર્થીઓને પ્રતિવર્ષ ૪ લાખ રૂા. આપવામાં આવે છે. સ્થાનકવાસી સમાજના અનેક તેજસ્વી સંતાનો આ સંસ્થાની સહાય થકી ઉજ્જવળ કારકિર્દી બનાવી શક્યા છે.

## શુભ ઘડી



હરિને સ્મરીએ તે શુભ ઘડી જાણવી
મંગળ વેળા વરતીને પૂરણ માણવી
હરિને સ્મરવાનું મહૂરત ન નીકળે
રુદિયે હરિ સાંભર્યા તે પળ ઝળહળે
હોઠે હોય ભલે વજ્જર- સાંકળો
આતમ બોલે, આતમરામ સાંભળે
હરિ પદ્મ-અંકિત પગલી પરમાણવી
હરિને સ્મરીએ તે શુભ ઘડી જાણવી
ચન્દન મ્હોર્યાનું હોય નહીં ટીપણું
તત્ત્વ ગ્રહીને ત્યજી દેવું ટૂંપણું
રાતના અંધારાની કરવી શું રાવ રે ?
પાંદડું સળવળ્યે સમજવું મોંસૂઝણું
વ્હાલોજી આવ્યાની ઢૂંકડી વધામણી
હરિને સ્મરીએ તે શુભ ઘડી જાણવી

**ભગવતીકુમાર શર્મા**

# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

## સંચાલિત

# શ્રીમતી ચંપાબેન દીપચંદ ડુંગરશી તુરખિયા

# ગ્રુપ મેડિક્લેમ અને ટર્મ લાઈફ ઈન્સ્યુરન્સ પૉલિસી સ્કીમ

ઝાલાવાડી સભાએ C. D. TURKHIA મેડિક્લેમ પૉલિસી યોજના મારફત બે વર્ષથી "UNIVERSAL SOMPO GENERAL INSURANCE CO. LTD." માં સંસ્થાએ પુરેપુરૂ પ્રિમીયમ ભરી પૉલિસી ઉતરાવી આપેલ છે.

